# આત્મધર્મ

## વર્ષ ૨૦

## સળંગ અંક ૨૩૫

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Apr 2004 | First electronic version. |


दंसण मूलो धम्मो

# આત્મધર્મ

આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

[ વર્ષ ૨૦ : અંક ૭ ]


## ‘આ... ત્મ... ધ... ર્મ’ ... ના પ્ર... ણે... તા...



વૈશાખ સુદ બીજના રોજ પૂ. ગુરુદેવ ‘આત્મધર્મ’ ના
ખાસ અંકનું અવલોકન કરી રહ્યા છે.

વૈશાખ વીર સં. ૨૪૮૯ તંત્રી જગજીવન બાવચંદ દોશી ( ૨૩૫ )

## મંગલ જન્મોત્સવ અંક



( પંડિતરત્ન ભાઈશ્રી હિંમતલાલ જે. શાહ (B. Sc.) એ, 'આત્મધર્મ' ના 'જન્મોત્સવ અંક' માટે લખી આપેલી ભાવના અહીં રજુ કરતાં અમને હર્ષ થાય છે. )

આજે પરમપૂજ્ય પરમોપકારી ગુરુદેવની જન્મજયંતીનો મંગળ ઉત્સવ છે. જન્મજયંતી તો ઘણાની આવે છે, પણ જે જન્મમાં શુદ્ધપરિણતિનો જન્મ થાય તે જ જન્મજયંતી ખરેખર ઊજવવા જેવી છે. આવી પરમમંગળ જન્મજયંતી આજે ઊજવતાં આનંદ થાય છે, પરમપૂજ્ય ગુરુદેવે આ જન્મમાં નિજકલ્યાણની સાધના ઉપરાંત પરજીવોને પણ કલ્યાણનો સત્ય માર્ગ ચીંધી અનંત ઉપકાર કર્યો છે. સૌરાષ્ટ્ર, ગુજરાત તેમજ ભારતભરના અનેક હિતાર્થી જીવો બાહ્ય ક્રિયાકાંડ અને માત્ર શુભભાવોમાં નિજ હિત માની મોંઘો મનુષ્યભવ એળે ગુમાવી રહ્યા હતા, તેમને પૂજ્ય ગુરુદેવે આત્માનુભવમૂલક યથાર્થ હિતમાર્ગ તરફ વાળી સમગ્ર ભારતના ભવ્યજીવો પર અપાર ઉપકાર કર્યો છે. આ રીતે વીતરાગ જિનેંદ્રોએ પ્રરૂપેલા યથાર્થ મોક્ષમાર્ગનો પૂ. ગુરુદેવે આ કાળમાં પુનરુદ્ધાર કરી એક પાવનકારી યુગ સર્જ્યો છે. તેઓશ્રી શુદ્ધાત્માનુભવના વજ્રખડક પર ઊભા રહીને અનેક વર્ષોથી સમગ્ર ભારતવ્યાપી હાકિલ કરી રહ્યા છે કે હે જીવો ! આત્મા દેહ–વાણી–મનથી પૃથક પદાર્થ છે; તે પરના કર્તૃત્વ–ભોકતૃત્વથી રહિત છે. અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત વીર્ય વગેરે અપાર શક્યતાઓથી ભરેલા તે પરમપદાર્થની પ્રતીતિ અને અનુભૂતિથી આત્મપર્યાયો વિકસિત થઈ પોતાનું પરિપૂર્ણ સહજ રૂપ પ્રગટ થાય છે. –આ અમારો આત્મસાક્ષાત્કાર છે.' આપણે પૂ. ગુરુદેવની આ અનુભવવાણીનો મહિમા અંતરમાં લાવી, તેની અપાર ઊંડપ સમજી, નિજકલ્યાણ સાધી, મનુષ્યભવને સાર્થક કરીએ–એવી આ માંગલિક દિને ભાવના ભાવી નિષ્કારણકરુણામૂર્તિ ગુરુદેવના ચરણકમળમાં દીનભાવે વંદન કરું છું.

**હિંમતલાલ જેઠાલાલ શાહ**

# મંગલ જન્મોત્સવ અંક

## પ ધા રો... પ ર મે ષ્ઠી ભ ગ વં તો !

જેમ લગ્ન ટાણે સગાવહાલાને માંડવે નિમંત્રે છે કે આ શુભ મંડપમાં અમારા મંડપમાં પધારીને મંડપની શોભા વધારજો. તેમ અહીં સાધક ધર્માત્માને પોતાના સ્વરૂપની લગની લાગી છે; તે સ્વરૂપ–લગનીના મંડપમાં સિદ્ધ ભગવંતોને અને પંચપરમેષ્ઠી ભગવંતોને આમંત્રે છે કે હે પરમેષ્ઠી ભગવંતો! મારી મુક્તિના મંગલ પ્રસંગે મારા આંગણે... મારા ચૈતન્યમંડપમાં પધારો. આપના પધારવાથી અમારા મંડપની (–અમારા રત્નત્રયની) શોભા વધશે. હું વિભાવનો આદર છોડીને સ્વભાવનો આદર કરૂં છું. –માટે હે સિદ્ધભગવંતો, હે અર્હંતો ને હે મુનિવરો! મારી સ્વભાવદશાના શુદ્ધ આંગણે પધારો... આપને ઓળખીને હું આપના પરિવારનો થયો. આપને મારા અંતરમાં સાથે રાખીને હું મારા શુદ્ધસ્વરૂપની લગની કરું છું–તેને સાધું છું. આ રીતે પંચપરમેષ્ઠી ભગવંતોના બહુમાનપૂર્વક પોતાના શુદ્ધસ્વરૂપનો આદર કરીને સાધક જીવ સિદ્ધપદને સાધે છે. (પૂ. ગુરુદેવ)

# મંગલ જન્મોત્સવ અંક

અભિવંદીએ અભિનંદીએ... સુપ્રભાતને ગુરુદેવને...
આશીષ લઈને આપની... હવે સાધીએ નિજકાર્યને.
સુપ્રભાત ખીલ્યું આપને... ગુરુ ! અમ હૃદયમાં ખીલવો...
હે આત્મદાતા... જીવનનેતા... પ્રાર્થના હૃદયે ધરો.

# મંગલ જન્મોત્સવ અંક




પૂ. ગુરુદેવની મંગલછાયમાં 'આત્મધર્મ' માસીકને આજકાલ કરતાં ૨૦ વર્ષ થવા આવ્યા. સં. ૧૯૯૯ ના અસાડ સુદ બીજે રાજકોટમાં પૂ. ગુરુદેવના દર્શને આવ્યા બાદ, એક આકસ્મિક સુયોગ બન્યો ને મને પૂ. ગુરુદેવ જેવા સંતના ચરણસાન્નિધ્યનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું. અને સાથે સાથે 'આત્મધર્મ' ના લેખનાદિ દ્વારા દેવ–ગુરુની ને જિનવાણી માતાની ભક્તિનો પણ સુયોગ મળ્યો. એ કાર્યદ્વારા ગુરુદેવની ચૈતન્યસ્પર્શી વાણીના રટણ વડે મારા આત્માર્થને પોષણ મળતું રહ્યું. એ રીતે ગુરુદેવનો મારા જીવનમાં મોટો ઉપકાર છે. જેમ ૨૦ વર્ષથી મારું જીવન ગુરુદેવના ચરણમાં પોષાયેલું છે તેમ 'આત્મધર્મ' સાથે પણ સંકળાયેલું છે. એટલે આ વૈશાખ માસથી 'આત્મધર્મ' ને પુનઃ સંભાળતાં આત્મધર્મના વાંચક સાધર્મીઓનો સમૂહ અને તેમની પ્રેમાળ લાગણી અત્યારે મારા હૃદયમાં વત્સલતાની ઉર્મિનું આંદોલન જગાડે છે. સર્વે સાધર્મીઓના સ્નેહભર્યા સહકારથી 'આત્મધર્મ' દિનપ્રતિદિન વિકાસ પામશે એવી આશા છે.

જિજ્ઞાસુઓમાં આત્માર્થીતા જાગે ને તેની પૃષ્ટિ થાય, સર્વત્ર વાત્સલ્યનું વાતાવરણ ફેલાય અને દેવગુરુ ધર્મની પ્રભાવના વિસ્તરે એવા ઉદ્ધેશપૂર્વક આત્મધર્મનું સંચાલન થાય છે. આત્માનો અર્થી થઈને આત્માને સાધવા નીકળેલો જીવ આખા જગતને વેચીને પણ આત્માને સાધશે, એટલે જગતની કોઈ અનુકૂળતામાં તે રોકાશે નહિ કે જગતની કોઈ પ્રતિકૂળતાથી તે ડરશે નહિ. આત્માને સાધવો એ જ જેનું પ્રયોજન છે, મુમુક્ષુતા જેના હૃદયમાં જીવંત છે, આત્મકલ્યાણની સાચી બુદ્ધિ જેના અંતરમાં જાગી છે એવો આત્માર્થી જીવ આત્માને સાધવાના ઉપાયોને જ આદરે છે ને આત્મહિતમાં વિઘ્ન કરનારા માર્ગોથી પાછો વળે છે. આ છે તેની આત્માર્થી તા. –આવા આત્મસાધક–આત્મશોધક જીવને બીજા આત્માર્થી જીવો પ્રત્યે–ધર્માત્મા પ્રત્યે–ધર્માત્મા પ્રત્યે કે સાધર્મીજનો પ્રત્યે સહેજે અંતરગત વાત્સલ્યની ઉર્મિ જાગે છે... અને આત્માને સાધનારા તથા તેને સાધવાનો પંથ બતાવનારા શ્રી દેવ–ગુરુ–શાસ્ત્રની સેવામાં તેનું હૃદય અર્પાયેલું હોય છે. આ રીતે આત્મર્થીતા, વાત્સલ્ય અને દેવગુરુધર્મની સેવા એ મુમુક્ષુજીવનનો સાર છે અને તેનો પ્રસાર કરવો એ 'આત્મધર્મ' નો ઉદ્ધેશ છે, ગુરુદેવની મંગલછાયામાં સર્વે સાધર્મીબન્ધુઓના સહકારથી એ ઉદ્દેશ સફળ થાઓ, એ જ અભ્યર્થના.

—બ્ર. હરિલાલ જૈન

# મંગલ જન્મોત્સવ અંક

## ધર્માત્માને રંગ લાગ્યો છે આત્માનો

**વનમાં બેઠા બેઠા નિર્વિકલ્પ અનુભવની ગૂફામાંથી બહાર આવીને સંતોએ સિંહનાદ કર્યો છે કે... અરે જીવો! જ્ઞાનની મહત્તા સાંભળીને એકવાર પ્રમોદ તો કરો... ચૈતન્યના આનંદનો ઉત્સાહ તો કરો. એકવાર અંદરથી ચૈતન્યનો ઉત્સાહ કર્યો કે ભવથી બેડો પાર!**

ધર્માત્માને પરમાત્મસ્વભાવની પ્રીતિ લાગી છે ત્યાં રાગની પ્રતિ ઊડી ગઈ છે; આનંદનું ધામ એવું ચૈતન્યતત્ત્વ તેમાં પ્રવેશીને તે રાગાદિ આસ્રવોથી જુદો થયો છે. અહા, જેની પર્યાના આંગણે પ્રભુ પધાર્યા તે તૂચ્છરાગના કર્તૃત્વમાં કેમ રોકાય? ધર્મીજીવ આસ્રવભાવોના કર્તૃત્વમાં રોકાતો નથી; અને જે અલ્પ આસ્રવ રહ્યો છે તેનો પણ અંતર્મુખ ઉપયોગવડે ચૈતન્યને વારંવાર સ્પર્શીને નાશ કરે છે. જેને અંતરમાં આત્માના આનંદની ને પરમાત્મપદની રુચિ થઈ તેને ઇન્દ્રના ઇન્દ્રાસન પણ તૂચ્છ લાગે, છ ખંડના રાજભોગ પણ તેને તરણાં જેવા તૂચ્છ લાગે... તેમાં ક્યાંય સુખું અસ્તિત્વ છે જ નહિ. સુખની સત્તા તો મારા ચૈતન્યધામમાં છે, સુખધામ મારો આત્મા છે. –આવા ભાનમાં ધર્માત્મા જગતથી કેટલા ઉદાસ હોય!! આખા જગતની દોલત સામે પડી હોય તો પણ ધર્માત્મા તેનાથી ઉદાસ છે, એક ચૈતન્યધામમાં છે, સુખધામ મારો આત્મા છે. –આવા ભાનમાં ધર્માત્મા જગતથી કેટલા ઉદાસ હોય!! આખા જગતની દોલત સામે પડી હોય તો પણ ધર્માત્મા તેનાથી ઉદાસ છે, એક ચૈતન્યધામ સિવાય બીજે ક્યાંય તેની પ્રીતિ નથી. તેથી પૂર્વે બંધાયેલા કર્મો ઉદયમાં આવીને તેને ખરી જાય છે પણ નવા કર્મોનું બંધનું કારણ થતા નથી, કેમ કે કર્મોના ઉદયકાળે ધર્મીની રુચિ તો ચૈતન્ય સ્વભાવ તરફ વળી ગઈ છે, એકત્વબુદ્ધિથી કર્મોદયમાં જોડાણ થતું જ નથી. ઉદયના કાળે ધર્મીને તો ચૈતન્યની નિર્મળતાનો કાળ છે, તેથી પૂર્વબદ્ધઆસ્રવો તેને બંધનું કારણ થયા વિના જ ખરી જાય છે. જેમ યુવાન સ્ત્રી સામે ઊભી હોય પણ જે પુરુષ નિર્દોષ અને નિર્વિકાર રહે છે તેને સ્ત્રી વિકારનું કે બંધનનું કારણ થતી નથી, તેમ ઉદયમાં આવેલા પૂર્વકર્મો પણ જ્ઞાની ધર્માત્માને બંધનું કારણ થતા નથી કેમ કે જ્ઞાની ધર્માત્મા વિકારપણે પરિણમતા નથી; જ્ઞાની જ્ઞાનમય ભાવમાં જ પરિણમે છે, રાગમય ભાવમાં પરિણમતા નથી, રાગમય ભાવને તે પોતાથી જુદો જ રાખે છે. બાર અંગનો સાર એ છે કે ભાવશ્રુતજ્ઞાનને સ્વભાવસન્મુખ કરવું. તે જ્ઞાનીએ કરી લીધું છે. જ્ઞાનને સ્વભાવસન્મુખ પરિણમાવીને રાગ સાથેની એકતા જ્ઞાનીએ તોડી નાંખી છે. રાગ સાથે એકતાબુદ્ધિરૂપ જે મિથ્યાત્વ તે વિકારનું મૂળ હતું, જ્યાં ભેદજ્ઞાનવડે મિથ્યાત્વને નષ્ટ કર્યું ત્યાં વિકારની કેડ તૂટી ગઈ, હવે વિકારનું જોર ન રહ્યું, અલ્પકાળે તેનો અભાવ થયે જ છૂટકો. જેનો ઉપયોગ રાગમાં એકમેકપણે જોડાય છે તેને જ કર્મબંધન થાય છે, જેનો ઉપયોગ રાગથી છૂટો વર્તે છે તેને કર્મો છૂટતા જ જાય છે.

# મંગલ જન્મોત્સવ અંક

અહો, જ્ઞાનની મહત્તા તો જુઓ! જેને ચૈતન્યનો મહિમા અંતરમાં ઘૂંટાય છે તે ક્ષણે ક્ષણે કર્મોથી છૂટતો જ જાય છે; અને જેના અંતરમાં રાગનો મહિમા ઘૂંટાય છે તે ભલે મોટો ત્યાગી થઈને ફરતો હોય તો પણ ક્ષણેક્ષણે તેને કર્મોનું બંધન થયા જ કરે છે. અરે જીવ! આવી જ્ઞાનની મહત્તા સાંભળીને એકવાતું પ્રમોદ તો કર! તારા ચૈતન્યના આનંદની વાત સાંભળીને ઉત્સાહ તો કર. રાગનો ઉત્સાહ કરી કરીને તો અનંતકાળ રખડયો, તે રાગનો ઉત્સાહ છોડીને હવે ચૈતન્યના આનંદનો ઉત્સાહ કર; એકવાર અંતરથી ચૈતન્યનો ઉત્સાહ કર્યો કે ભવથી બેઠો પાર! શ્રી પદ્મનંદીસ્વામી પણ કહે છે કેઃ

तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता ।
निश्चितं स भवेद्भव्यो भाविनिर्वाणभाजनम् ।।

અહો, આ આત્મા ચિદાનંદસ્વરૂપ છે, તેના પ્રત્યે પ્રીતિપૂર્વક–પ્રસન્ન ચિત્તથી સ્વાનુભવી પુરુષના મુખે તેની વાર્તા પણ જે જીવે સાંભળી છે તે ભવ્ય જીવ ભવિષ્યમાં ચોક્કસ મુક્તિનું ભોજન થાય છે.

પ્રવચનસારમાં પણ આચાર્યદેવ કહે છે કે, કેવળીભગવંતોને ઘાતીકર્મોના ક્ષયથી આહારાદિ વગર જ ઉત્કૃષ્ટ–અતીન્દ્રિય–આત્મસુખ પ્રગટયું છે, તેથી નક્કી થાય છે કે આત્મા પોતે જ સુખસ્વભાવી છે, તેને સુખ માટે બાહ્યવિષયોની અપેક્ષા નથી; આત્માના સુખસ્વભાવની આવી વાત કાને પડતાં જ જે જીવ પ્રમોદથી હા પાડીને શ્રદ્ધા કરે છે તે જીવ આસન્નભવ્ય છે, એટલે કે અલ્પકાળમાં તે મુક્તિ પામશે.

આ દેહ દેવળમાં જુદો રહેલો ચૈતન્યમૂર્તિ આત્મા પોતે જ પોતાની પરમાનદદશાનું સાધન છે ને પોતે જ સાધ્ય છે, સાધક પણ પોતે જ છે. પોતે પોતામાં એકાગ્ર થઈને પોતાના પરમાનંદને સાધે છે, તેમાં વચ્ચે ક્યાંય વિકાર નથી; સાધ્યમાં કે સાધનમાં ક્યાંય આસ્રવ નથી, માટે જે જીવ સાધક થયો છે તે ખરેખર આસ્રવથી રહિત છે. પોતે અંતર્મુખ થઈને ધ્યાતાપણે પોતાને જ શુદ્ધધ્યેયરૂપે ધ્યાવે છે, એવા ધ્યાનમાં આસ્રવ નથી. રાગ તે સાધન નથી; સ્વભાવનું જે સાધન પ્રગટયું તેમાં રાગ નથી. જ્ઞાનીએ અંતરમાં ભેદજ્ઞાનની છીણી વડે જ્યાં જ્ઞાન અને રાગની સંધિ વચ્ચે ઘા કર્યો, તે ઘા હવે કદી રૂઝાય નહિ, જ્ઞાનપરિણતિ રાગથી જુદી પડી તે પડી, હવે ફરીને કદી રાગ સાથે એકમેક થવાની નથી. રાગનો પ્રેમ તોડીને તેણે પરમાત્માના ઘરમાં પ્રવેશ કર્યો, પરમાત્મપદ તરફ ઉત્કૃષ્ટ પ્રેમનો પ્રવાહ વહ્યો ('પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસે') અવિહડપ્રેમની ધારા નિજસ્વભાવ તરફ વળી એવા ધર્માત્માને હવે કર્મનો આસ્રવ કેમ થાય? – તે કર્મનો કર્તા કેમ થાય? –જુઓ, આ મોક્ષનો રાહ! અહો, એકવાર રાગ અને જ્ઞાન વચ્ચેનો ભેદ પાડીને જ્ઞાનસ્વભાવ તરફ જોર તો કરો! જ્ઞાનસ્વભાવ પોતે અબંધ છે, તેના તરફના વલણથી જ અબંધપણું પ્રગટે છે. પૂર્વે બંધાયેલાં કર્મો સત્તામાં પડયા હોવા છતાં જ્ઞાની તો


# મંગલ જન્મોત્સવ અંક

અબંધ જ છે કેમકે જ્ઞાનીની પરિણતિ તો સ્વસમયને અનુસરે છે. જ્ઞાનીની પરિણીત કર્મની સત્તાને નથી અનુસરતી, પરંતુ ચૈતન્યસત્તાને જ અનુસરે છે. ચૈતન્યનું અવલંબન છોડીને જે કર્મન અનુસરે છે તેને જ બંધન થાય છે. ચૈતન્યને અનુસરનારો ભાવ તો સર્વ રાગદ્વેષમોહથી રહિત છે, તેથી તે બંધનું કારણ થતો નથી. શુદ્ધચૈતન્યસત્તા તરફ ઝુકેલો ભાવ નવા કર્મબંધનું કારણ જરાપણ થતો જ નથી.

જગતમાં અનાદિઅનંત છે; જિનપદ પ્રગટ કરેલા પરમાત્મા પણ જગતમાં અનાદિના છે, ને શક્તિપણે દરેક આત્મામાં જિનપદ ‘પ્રગટવાની તાકાત છે. આવા અચિંત્યસામર્થ્યવાળું નિજપદ છે તેનું અવલોકન જીવે એકક્ષણ પણ પૂર્વે કર્યું નથી. અહો, આ ચૈતન્યમય જિનપદ છે, તેમાં કર્મનો પ્રવેશ જ ક્યાં છે? આચાર્ય ભગવાને વનમાં બેઠાબેઠા નિર્વિકલ્પ અનુભવની ગૂફામાંથી બહાર આવીને સિંહનાદ કર્યો છે કે અરે જીવો! જ્ઞાનસ્વભાવ તરફ ઝુકેલી પરિણતિમાં આઠેય કર્મોનો અભાવ છે... તે સ્વભાવસન્મુખ થાઓ. જેમ સિંહ પાસે હરણીયાં ઊભા ન રહે તેમ અંતર્મુખપરિણતિથી જ્યાં ચૈતન્યસિંહ જાગ્યો ત્યાં આઠેકર્મો દૂર ભાગ્યા.

જેને અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપના રસની મીઠાસ લાગી તેને કર્મની આકુળતાના રસની મીઠાસ કેમ રહે? સમ્યગ્દ્રષ્ટિધર્માત્માને રાગની રુચિનો અસંભવ છે, તેને રાગ વગરનું ચૈતન્યવેદન થયું છે. જ્યાં ચૈતન્યશાંતિના ફૂવારા છૂટયા ત્યાં રાગદ્વેષમોહ કેવા? જરાક અંશમાત્ર પણ રાગની રુચિ રહે અને સમ્યગ્દર્શન થાય–એમ બને નહિ. સમ્યગ્દર્શનને અને રાગદ્વેષમોહને ભિન્નપણું છે. સમ્યક્ત્વનો ભાવ છે તે અબંધક છે, ને તેમાં રાગાદિનો અભાવ છે. બંધનના કારણો તો રાગાદિ જ છે, તે રાગાદિના અભાવમાં ધર્માત્માને જુનું કર્મ નવા કર્મના બંધનનું કારણ થતું નથી; માટે ધર્મી જીવ અબંધ જ છે–એમ જાણવું.

**સિંહ જાગે ને હરણ ભાગે** **આત્મા જાગે ને કરમ ભાગે**



**જેમ સિંહ જાગે ને હરણીયા ભાગે... તેમ નિર્વિકલ્પ અનુભૂતિ કરતો ચૈતન્યસિંહ જ્યાં જાગ્યો ત્યાં આઠે કર્મો ભાગ્યા.**

**મંગલ જન્મોત્સવ અંક**

# ગુરુદેવના મંગલ જીવનમાંથી આપણને મળતો

# સો... ને... રી સ... ન્દે... શ

* * લે : બ્ર. હરિલાલ જૈન * *

ધર્માત્માઓનું જીવન મુમુક્ષુ જીવોને. આત્મહિતની અનેકવિધ પ્રેરણાઓ આપે છે. પુરાણમાં તીર્થંકરો, ગણધરો, મુનિવરો, ચક્રવર્તીઓ વગેરેની અનેક ભવોની આત્મસાધનાનું જે વર્ણન કર્યું છે તે વાંચતાં પણ જ્ઞાન–વૈરાગ્યની કેવી ઉર્મિઓ સ્ફૂરે છે? – તો પછી એવા કોઈ ધર્માત્માનું જીવન સાક્ષાત્ નજરે નીહાળતાં મુમુક્ષુહૃદયમાં કેવા કેવા આત્મહિતના તરંગો ઉલ્લસે!! તે તો સહેજે સમજી શકાય તેવું છે.

જ્યારે – તીર્થંકરો કે મુનિઓની તો શી વાત, –ધર્માત્માઓનાં દર્શનની પણ અતિ–અતિ વિરલતા થઈ ગઈ છે એવા આ કાળમાં ગુરુદેવના સાક્ષાત્ દર્શન, સત્સમાગમ, અને નિરંતર ઉપદેશની પ્રાપ્તિ તે આપણું સૌનું ઘણું મોટું સદ્ભાગ્ય છે. જેમના મંગળજીવનનો વિચાર કરતાં, તે જીવન પણ અનેકવિધ ‘સોનેરી સન્દેશ’ આપી રહ્યું છે–એવા આ ગુરુદેવનો જન્મોત્સવ ઊજવતાં આપણા અસંખ્ય પ્રદેશો હર્ષ અને ભક્તિથી રોમાંચિત બને છે.

ગુરુદેવનું જીવન તેમના પોતાને માટે તો મંગલરૂપ ને કલ્યાણરૂપ છે જ, ને આપણાને પણ તેમનું જીવન અનેકવિધ મંગલ પ્રેરણાઓ આપી રહ્યું છે. અહા! જે જીવનની પ્રત્યેક પળ આત્મહિતને માટે વીતતી હોય, જે જીવનની પ્રત્યેક ક્ષણ સંસારને છેદવા માટે છીણીનું કાર્ય કરતી હોય, જે જીવનની પ્રત્યેક ક્ષણ આત્માને મોક્ષની નજીક લઈ જતી હોય–તે જીવન ખરેખર ધન્ય છે.....ગુરુદેવના એવા મંગલ જીવનમાંથી આપણને મળતી પ્રેરણઓનું આ જન્મોત્સવના મંગલ પ્રસંગે પરમ ઉપકારબુદ્ધિથી થોડુંક આલેખન કર્યું છે.

(૧) ગુરુદેવનું જીવન સૌથી મોટી અને સૌથી અગત્યની પ્રેરણા આપે છે–આત્માર્થની ધૂનની! જેમ શ્રીકૃષ્ણ જન્મ્યા ત્યારે ‘કંસને હણવા મારો અવતાર છે’ એવો ગગનધ્વનિ થયો હોવાનું કહેવાય છે તેમ કહાનગુરુના જીવનમાં પહેલેથી જ એવી ગગનભેરી ઊઠતી કે “આત્માર્થને સાધવા મારો અવતાર છે.” તેમના જીવનચરિત્રમાં ભાઈ શ્રી હિંમતલાલ જે. શાહ લેખે છે કે “તેમને ઊંડે ઊંડે એમ રહ્યા કરતું કે હું જેની શોધમાં છું તે આ નથી. કોઈ કોઈ વાર આ દુઃખ તીવ્રતા ધારણ કરતું; અને એકવાર તો, માતાથી વિખૂટા પડેલા બાળકની જેમ, તે બાળમહાત્મા સતના વિયોગે ખૂબ રડયા હતા.”

એટલે આ ઉપરથી આપણે આત્માર્થની ધૂન જગાડીને ગુરુદેવના જીવનની પ્રેરણાને ઝીછીએ... –આ છે ગુરુદેવના જીવનમાંથી પ્રાપ્ત થતો પહેલો સુવર્ણસન્દેશ.

(૨) આત્મા શું ચીજ છે. કે સમ્યગ્દર્શન શું ચીજ છે તેના શબ્દો પણ સાંભળવા નહોતા મળતા, અનેક પ્રકારની વિપરીત માન્યતાઓના વાદળાંથી ધર્મ ઘેરાઈ ગયેલો હતો,

## મંગલ જન્મોત્સવ અંક

એવા કપરા કાળમાં પણ કોઈની સહાય કે માર્ગદર્શન વગર ગુરુદેવને આત્મામાંથી અધ્યાત્મના અનેક સંસ્કાર સ્ફૂર્યા અને તે સ્ફુરણાના બળે સતનો નિર્ણય કરીને માર્ગની પ્રાપ્તિ કરી, તે આપણને એવી સ્ફુરણા આપે છે કે આપણા ધાર્મિક સંસ્કાર એવા સુદ્રઢ હોવા જોઈએ કે જે ભવોભવમાં સાથે રહીને આપણું કલ્યાણ કરે. (આ છે બીજો સોનેરી સન્દેશ.)

(૩) અત્યંત નીડરતા અને નિસ્પુહતાપૂર્વક ગુરુદેવે કરેલું સંપ્રદાય–પરિર્વતન આપણને એમ પ્રબોધે છે કે જો તારે તારો આત્મર્થ સાધવો હોય તો જગતની દરકાર છોડી દેજે! તું જગત સામે જોઈને બેસી રહીશ ના. જગતની પ્રતિકૂળતાથી ડરીને તું તારા માર્ગને છોડીશ નહિ. જગત્ ગમે તેમ બોલે–તું તારા આત્મહિતના પંથે નિઃશંકપણે ચાલ્યો જાજે. (આ છે ત્રીજો સોનેરી સન્દેશ.)

(૪) ગુરુદેવના જીવનનો ચોથો સંદેશ છે–વાત્સલ્યનો. સાધર્મી વાત્સલ્ય ગુરુદેવના જીવનમાં (અંતરમાં) કેટલું ભરેલું છે તે તેમના એક જ ઉદ્ગાર ઉપરથી ખ્યાલમાં આવશેઃ ગુરુદેવ પદ્મપુરાણમાં અંજનાસતીના જીવનપ્રસંગો વાંચતા હતા; તેમાં જ્યારે અંજના નિર્જન વનમાં વિલાપ કરે છે તે પ્રસંગનું વર્ણન આવ્યું ત્યારે ગુરુદેવની આંખોમાંથી અશ્રુધાન ટપકવા લાગી, ને તેમના હૃદયમાંથી ઉદ્ગાર નીકળ્યા કે “અરે! ધર્માત્મા ઉપરનું દુઃખ હું જોઈ શકતો નથી.” વાત્સલ્યના આવા અનેક પ્રસંગોથી ભરેલું ગુરુદેવનું જીવન આપણને સાધર્મીવાત્સલ્યનો મહાન ઉપયોગી સન્દેશ અને પ્રેરણા આપે છે.

(૫) કાદવ જેવા કૃતર્કો સામે તેમણે જે ભગીરથ પુરુષાર્થ કરીને માર્ગ કાઢયો છે, તે એવા પુરુષાર્થની ગગનભેરી સંભળાવે છે કે, પુરુષાર્થી જીવ ગમે તેવી પરિસ્થિતિમાંથી પોતાનો માર્ગ કાઢી લ્યે છે... ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ તે મૂંઝાઈને બેસી નથી રહેતો–પણ પુરુષાર્થ વડે આત્મહિતના માર્ગમાં નિર્ભયપણે ઝુકાવે છે. આત્માનો ખરો શોધક ગમે તેમ કરીને પોતાનો માર્ગ કાઢી લ્યે છે.

(૬) પરિવર્તન બાદ વરસેલી નિંદા અને આક્ષેપોની ઝડીઓ તથા અનેકવિધ પ્રતિકૂળતાઓ વચ્ચે પણ જે નીડરતાથી તેઓએ સત્પંથે પ્રયાણ કર્યું તે એવી પ્રેરણા આપે છે કે–પોતાના આત્મહિતના પંથે પ્રયાણ કરતાં તારા પર જગતના અણસમજુ લોકો ગમે તેવા આકરા આક્ષેપો કે નિંદાની ઝડીઓ વરસાવે તોપણ તું ડરીશ મા... તારો માર્ગ તું છોડીશ મા... નીડરપણે તારા આત્મહિતના પંથે ચાલ્યો જજે. વીરનો માર્ગ શૂરવીરનો છે.

(૭) ગુરુદેવમાં નીડરતાની જેમ સહનશીલતા પણ જબરી છે. અનેક વખતે ઉશ્કેરણીના પ્રસંગો ઉપસ્થિત થવા છતાં તે વખતે ગભરાયા વગર, શાંતચિત્તે, તેઓએ ધૈર્ય અને ગંભીરતા વડે જ તે પ્રસંગને જીતી લીધો છે. તેમની આ શૈલીથી ઘણા વિરોધીઓ પણ મુગ્ધ બની ગયા છે. આ રીતે ગુરુદેવનું જીવન આપણને ગમે તેવી કટોકટીના પ્રસંગે પણ સહનશીલતા અને ધૈર્યના પાઠ શીખવે છે. એ છે સાતમો સોનેરી સન્દેશ.

(૮) ગુરુદેવે પોતાના અંતરથી જે નિર્ણય કર્યો તેમાં તેઓ એવા મક્કમ રહે છે કે ગમે તેવી પ્રતિકૂળતાના પ્રસંગો આવી પડે તોપણ પોતાના નિર્ણયથી તેઓ ડગતા નથી. તેમનું જીવન

## મંગલ જન્મોત્સવ અંક

આપણા જેવા ઉપજીવીઓને એવો સન્દેશ આપે છે કે તારા આત્મહિતના માર્ગનો એવો દૃઢ નિર્ણય કરજે કે દેવથી પણ ન ડગે ને દેહ છૂટે તો ય તે માર્ગના સંસ્કાર ન છૂટે.

( ૯ ) ગુરુદેવની આત્મધૂન એવી કે તેને માટે તેમનું જીવન સતત ચિંતનશીલ રહ્યું છે. વર્ષો પહેલાં વીંછીયાના વડ જેવા એકાંતસ્થાનમાં જઈને દિવસનો ઘણોખરો ભાગ ત્યાં સ્વાધ્યાય–ચિંતનમાં વીતરાગતા; માત્ર એકવખત આહાર લેતા. આત્મધૂન એવી કે બીજા કાર્યોમાં વખત ગૂમાવવો તેમને પાલવતો નહીં. તેમનું આખું જીવન આપણને ઢંઢોળીને કહે છે કે તું ખરી આત્મધૂન જગાડને બીજા કાર્યો મૂક એકકોર ! નિષ્પ્રયોજન કાર્યોમાં વખત વેડફવાનું આત્માર્થીને પાલવે નહિ.

( ૧૦ ) આત્મકલ્યાણ સાધવાની ઊંડી અભિલાષાનું જોર તેમને વૈરાગ્યમાર્ગે લઈ ગયું... અને તેથી જ બાલ વયથી જ તેઓ બ્રહ્મચારી રહીને સંસારથી અભિપ્ત રહ્યા, એટલું જ નહિ પરંતુ લાખો લોકોમાં મોટી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા છતાં, અને શાસ્ત્રોમાંય પારંગત થવા છતાં, તેમાં ક્યાંય તેઓ સંતૃષ્ટ ન થયા ને આત્મસાધનાના માર્ગે જ તેઓ આગળ વધ્યા... આવું તેમનું જીવન બ્રહ્મચર્ય અને વૈરાગ્યમાર્ગની પ્રેરણા આપીને કહે છે કે હે ભાઈ ! જો તારે આત્મહિત સાધવું હોય તો બીજે ક્યાંય તું સંતુષ્ઠ થઈશ મા.

( ૧૧ ) તેમની ગુરુભક્તિ અને તત્ત્વનિર્ણયની શક્તિ આપણને પણ ગુરુભક્તિનો અને તત્ત્વનિર્ણયની શક્તિનો સન્દેશ આપી રહી છે.

( ૧૨ ) તેઓશ્રીના સુહસ્તે થયેલી ૨૦૦ કરતાંય વધુ જિનબિંબોની પ્રતિષ્ઠા, તથા અતિભક્તિપૂર્વક તેઓશ્રીએ કરેલી સમ્મેદશિખરજી, બાહુબલી, કુંદકુંદધામ વગેરે તીર્થોની યાત્રા તે આપણા જીવનમાં જિનેન્દ્રભક્તિનું તથા સાધકસંતો અને તેમની પાવન સાધનાભૂમિ ( તીર્થભૂમિ ) પ્રત્યેની ભક્તિનું સીંચન કરીને આરાધનાનો ઉત્સાહ જગાડે છે.

( ૧૩ ) સતત–અપ્રમાદપણે શાસ્ત્રસ્વાધ્યાય ચિંતન–મનનમાં વર્તતો તેમનો ઉપયોગ અને માત્ર આત્માની આરાધનાને અર્થે જ વીતતું તેમનું જીવન આપણને અપ્રમાદપણે આત્મ–આરાધના કરવાનો સોનેરી સન્દેશ આપી રહ્યું છે૭૫.

ગુરુદેવના જીવનમાંથી મળતી આવી આત્મહિતકારી પ્રેરણાઓ આપણે ઝીલીએ... ને એ રીતે ગુરુદેવના જન્મને આપણા મહાન કલ્યાણ–મંગલનું કારણ બનાવીએ એ જ ગુરુદેવનો ખરેખરો જન્મોત્સવ છે. ગુરુદેવના પાવન જીવનને ધ્યેયરૂપે રાખીને તેઓશ્રીની નીકટ છાયામાં વસતાં જીવનના દુઃખો દૂર ભાગે છે ને આત્માર્થિતાની સૌરભથી જીવનપુષ્પ ખીલી ઊઠે છે. ગુરુદેવના ઉપકારોના સ્મરણમાત્રથી આત્માના અસંખ્ય પ્રદેશોમાં ભક્તિના સૂર ગૂંજી ઊઠે છે કે–

હે નાથ ! આ બાલકશિરે તુજ છત્રછાયા અમર હો...<br>
છૂટે ન કદી ય સુયોગ તુજનો જીવનના આધાર છો...<br>
તારી અમીદૃષ્ટિ ઝીલી તુજ ચરણ ભક્તિ થકી ભજી...<br>
નિજાત્મની પ્રાપ્તિ કરું સંસારની માયા તજી...

મંગલ જન્મોત્સવ અંક

# * મોક્ષના સાધનરૂપ ક્રિયા *

સ્વભાવ તરફ ઝૂકીને, વિકારના કર્તૃત્વથી જુદું પરિણતું જ્ઞાન તે મોક્ષનું કારણ છે. એ જ્ઞાન કેવું હોય? ને એવા જ્ઞાનરૂપે પરિણમેલા જ્ઞાનીની દશા કેવી હોય? તથા જેને એવું જ્ઞાન નથી એવા અજ્ઞાનીની ક્રિયા કેવી હોય? –તે અહીં કર્તાકર્મઅધિકારના પ્રવચનોમાંથી પ્રશ્નોત્તરરૂપે સુગમશૈલીથી રજુ કરવામાં આવ્યું છે.

* કર્ત્તાકર્મ અધિકારની શરૂઆતમાં કોને નમસ્કાર કર્યા છે?

જેઓ વિભાવનું કર્તાકર્મપણું મટાડીને, જ્ઞાનમય થયા છે અને સિદ્ધપદ પામ્યા છે–એવા સિદ્ધભગવંતોને નમસ્કાર કર્યા છે.

* કઈ રીતે નમસ્કાર કર્યા છે?

મદને દૂર કરીને, એટલે કે રાગાદિ પરભાવો તે મારું કાર્ય અને હું તેનો કર્તા–એવી મિથ્યાબુદ્ધિરૂપ જે મદ તેને દૂર કરીને સિદ્ધભગવંતોને નમસ્કાર કર્યા છે. જેને રાગની રુચિ છે, રાગમાં કર્તાબુદ્ધિ છે તે જીવ જ્ઞાનમય સિદ્ધભગવંતોને ખરા નમસ્કાર કરી શકતો નથી. જ્ઞાન–સ્વભાવની રુચિ કરીને, જ્ઞાનભાવ વડે જ સિદ્ધભગવંતોને યથાર્થ નમસ્કાર થાય છે.

* અમૃતચંદ્રઆચાર્યદેવે કર્તાકર્મઅધિકારની શરૂઆતમાં કોનો મહિમા કર્યો છે?

સમ્યગ્જ્ઞાનનો મહિમા કર્યો છે. તે સમ્યગ્જ્ઞાને ચૈતન્યને અને ક્રોધાદિને ભિન્ન જાણીને ક્રોધાદિમાં જે કર્તાપણું છે તેને નષ્ટ કર્યું છે, તેથી તે સમ્યગ્જ્ઞાન મહિમાવંત છે.

* અજ્ઞાનીની પ્રવૃત્તિ કેવી છે?

ચૈતન્ય અને ક્રોધાદિમાં એકત્વબુદ્ધિરૂપ જે અજ્ઞાન, તે અજ્ઞાનને લીધે ચૈતન્ય કર્તા અને ક્રોધાદિ તેનું કર્મ–એવી વિભાવ કર્તાકર્મની પ્રવૃત્તિ અજ્ઞાનીને છે. અનાદિથી અજ્ઞાનીની આ પ્રવૃત્તિ તે સંસારનું મૂળ છે.

* અજ્ઞાનીની તે પ્રવૃત્તિને કોણ દૂર કરે છે?

સમ્યગ્જ્ઞાનની જ્યોતિ તે પ્રવૃત્તિને દૂર કરે છે; હું તો ચૈતન્ય છું, ક્રોધાદિ તે હું નથી, એમ જ્યાં સમ્યગ્જ્ઞાનજ્યોત જાગી, ત્યાં તે જ્ઞાનજ્યોતિ ક્રોધાદિ સાથેની કર્તાકર્મની પ્રવૃત્તિને સર્વ તરફથી શમાવી દે છે; વિકારના એક અંશને પણ તે ચૈતન્યમાં પ્રવેશવા દેતી નથી. તે જ્ઞાનજ્યોતિ કોઈને આધીન નથી, રાગને આધીન નથી; રાગાદિની આકૂળતા તેનામાં નથી એટલે તે

## મંગલ જન્મોત્સવ અંક

નિરાકૂળ છે; વળી ગમે તેવી પ્રતિકૂળતામાં પણ તે જ્ઞાનજ્યોતિ ડગતી નથી, –તે અત્યંત ધીર છે, અને ઇન્દ્રિયોની કે રાગની સહાય વગર જ તે સ્વ–પર સમસ્ત પદાર્થોને જાણે છે. આવી જ્ઞાનજ્યોતિ પ્રગટી તે મહા મંગળ છે.

* આ કર્તાકર્મ–અધિકાર કેવો છે?

આ ૭૬ ગાથાનો અધિકાર ભરતક્ષેત્રમાં અજોડ છે. તે કર્તા–કર્મનું સ્વરૂપ સ્પષ્ટ સમજાવીને ભેદજ્ઞાન કરાવે છે અને વિકાર સાથે કર્તાકર્મપણાની પ્રવૃત્તિરૂપ અજ્ઞાનને છોડાવે છે.

* જ્ઞાનીને કેવું કર્તાકર્મપણું છે?

જ્ઞાનીને પોતાના જ્ઞાનમયભાવ સાથે જ કર્તાકર્મપણું છે. જ્ઞાનીના બધાય ભાવો જ્ઞાનમય છે. જ્ઞાનથી ભિન્ન પરભાવો સાથે કે પરદ્રવ્યો સાથે જ્ઞાનીને કર્તાકર્મપણું નથી. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તેનું કાર્ય પણ જ્ઞાનમય જ હોય, ક્રોધમય ન હોય માટે, જ્ઞાનસ્વરૂપ આત્માને જાણનાર જ્ઞાનીને પોતાના જ્ઞાનભાવ સાથે જ કર્તાકર્મપણું છે.

* કયા જીવને કર્મોનું બંધન થાય છે?

જે જીવ ચૈતન્યસ્વરૂપ આત્માને આસ્રવોથી ભિન્ન નથી જાણતો અને ક્રોધાદિ આસ્રવોમાં લીનપણે વર્તે છે તે જીવ અજ્ઞાનભાવને લીધે કર્મોથી બંધાય છે, –એમ ભગવાન સર્વજ્ઞદેવ કહે છે.

* આત્માને અને જ્ઞાનને કેવો સંબંધ છે?

આત્માને અને જ્ઞાનને તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે, એટલે તેમને જુદાઈ નથી; આત્મા પોતે જ્ઞાનસ્વરૂપ છે, ને જ્ઞાન તે આત્મસ્વરૂપ છે, –એ રીતે જ્ઞાનને અને આત્માને એકતારૂપ તાદાત્મ્યપણું છે.

* જ્ઞાનક્રિયા કેવી છે?

આત્મા જ્ઞાનાસ્વરૂપ છે એમ જાણીને તે જ્ઞાનમાં નિઃશંક રીતે પોતાપણે વર્તવું તે જ્ઞાનક્રિયા છે. અને તે જ્ઞાનક્રિયા તો આત્માના સ્વભાવભૂત છે; તે આત્મા સાથે અભેદ છે, તેને આત્માથી જુદી પાડી શકાતી નથી.

* મોક્ષમાર્ગમાંથી કઈ ક્રિયાને નિષેધવામાં આવી નથી?

જ્ઞાનક્રિયાને મોક્ષમાર્ગમાંથી નિષેધવામાં આવી નથી.

* કઈ ક્રિયાને મોક્ષમાર્ગમાંથી નિષેધવામાં આવી છે?

ક્રોધાદિ સાથે એકત્વપણે વર્તવારૂપ જે કરોતિક્રિયા છે તે મોક્ષમાર્ગમાંથી નિષેધવામાં આવી છે.

## મંગલ જન્મોત્સવ અંક

* જ્ઞાનક્રિયાને શા માટે નિષેધવામાં નથી આવી? અને કરોતિક્રિયાને શા માટે નિષેધવામાં આવી છે?

જ્ઞાનક્રિયા આત્માના સ્વભાવભૂત હોવાથી તે નિષેધવામાં આવી નથી, અને કરોતિક્રિયા પરભાવભૂત હોવાથી નિષેધવામાં આવી છે. જ્ઞાનક્રિયા તે મોક્ષનું કારણ છે, ને ક્રોધાદિક્રિયા તે બંધનું કારણ છે. જ્ઞાનક્રિયા તો સંવરનિર્જરારૂપ છે, ને ક્રોધાદિક્રિયા તો આસ્રવરૂપ છે. જ્ઞાનક્રિયા તો આત્મામાં એકમેકરૂપ છે, ને ક્રોધાદિક્રિયા આત્માથી ભિન્નરૂપ છે; માટે જ્ઞાનક્રિયાનો તો મોક્ષમાર્ગમાં સ્વીકાર છે, પણ અજ્ઞાનરૂપ એવી ક્રોધાદિક્રિયાને મોક્ષમાર્ગમાંથી નિષેધવામાં આવી છે. જે જીવ ક્રોધાદિક્રિયામાં વર્તે છે તેને મોક્ષમાર્ગ હોતો નથી.

* ક્રોધાદિ આસ્રવો સાથે આત્માને કેવો સંબંધ છે?

ક્રોધાદિ આસ્રવો ચૈતન્યસ્વભાવથી અત્યંત જુદા છે, તેની સાથે આત્માને એકતાનો સંબંધ નથી પણ સંયોગરૂપ સંબંધ છે.

* અજ્ઞાની કેવી ક્રિયા કરે છે?

આસ્રવો પરભાવભૂત છે, ને આત્માના સ્વભાવથી જુદા છે તોપણ અજ્ઞાની તેને આત્મા સાથે એકમેક માનતો થકો, નિઃશંકપણે ક્રોધાદિ પરભાવોમાં પોતાપણે વર્તે છે; આ રીતે ક્રોધાદિમાં વર્તતો તે ક્રોધાદિ ક્રિયાને કરે છે. અજ્ઞાનીની આ અજ્ઞાનમય ક્રિયા કર્મબંધનું અને સંસારનું કારણ છે.

* જગતમાં ક્રિયાના સામાન્યપણે કેટલા પ્રકાર છે?

જગતમાં સામાન્યપણે ત્રણ પ્રકારની ક્રિયા છે–

(૧) સ્વાભાવક્રિયાઃ જ્ઞાનાદિભાવોની ક્રિયા તે સ્વભાવક્રિયા છે.

(૨) વિભાવક્રિયાઃ ક્રોધાદિભાવોની ક્રિયા તે વિભાવક્રિયા છે.

(૩) જડની ક્રિયાઃ દેહાદિ ક્રિયા તે જડની ક્રિયા છે.

* કઈ ક્રિયાનો કર્તા કોણ છે?

૧. જ્ઞાની જ્ઞાનાદિ સ્વભાવક્રિયાનો કર્તા છે;

૨. અજ્ઞાની ક્રોધાદિ વિભાવક્રિયાનો કર્તા છે;

## મંગલ જન્મોત્સવ અંક

૩. જડની ક્રિયાનો કર્તા જડ છે, કોઈ જીવ તેનો કર્તા નથી. જ્ઞાની કે અજ્ઞાની કોઈ જીવ દેહાદિ જડની ક્રિયાને કરી શકતો નથી.

* એ ત્રણ પ્રકારની ક્રિયામાંથી કઈ ક્રિયા શેનું કારણ છે?

૧. જ્ઞાનાદિ સ્વભાવક્રિયા તે મોક્ષનું કારણ છે.

૨. ક્રોધાદિ પરભાવક્રિયા તે સંસારનું કારણ છે.

૩. જડની ક્રિયા જીવથી જુદી છે, તે બંધનું કે મોક્ષનું કારણ નથી. જીવને બંધ–મોક્ષ શરીરાદિની ક્રિયાથી થતા નથી પણ પોતાના અશુદ્ધ કે શુદ્ધભાવથી જ થાય છે.

* જ્ઞાનક્રિયા કેવી છે?

જ્ઞાનક્રિયા આત્માના સ્વભાવભૂત છે, સ્વભાવના આશ્રયે તેની ઉત્પત્તિ છે, અને સ્વભાવ સાથે તેને તાદાત્મ્ય (એકતા) છે, તેથી તે ક્રિયા આત્માથી જુદી પડી શકતી નથી, તેનો નિષેધ થઈ શકતો નથી.

* વિભાવક્રિયા કેવી છે?

વિભાવક્રિયા પરભાવરૂપ છે, તે સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થતી નથી પણ કર્મના આશ્રયે તે ઉત્પન્ન થાય છે, તેને સ્વભાવ સાથે એકતા નથી પણ જુદાઈ છે, તેથી તે ક્રિયા નિષેધવામાં આવી છે, અર્થાત્ ભેદજ્ઞાન કરીને સ્વભાવનો આશ્રય કરતાં તે વિભાવક્રિયા છૂટી જાય છે, એટલે તેનો નિષેધ થઈ જાય છે.

* ભેદજ્ઞાની ક્યાં પ્રવર્તે છે? ને અજ્ઞાની ક્યાં પ્રવર્તે છે?

ભેદજ્ઞાની તો, આત્માનો ચૈતન્યસ્વભાવ, અને રાગાદિ પરભાવ એ બંનેને જુદાં જુદાં લક્ષણવડે ભિન્ન જાણતો થકો ચૈતન્યસ્વભાવમાં જ પોતાપણે નિઃશંક પ્રવર્તે છે, ને રાગાદિભાવોને પોતાથી અત્યંત જુદા જાણતો થકો તેમાં પોતાપણે–એકતાપણે જરાપણ વર્તતો નથી. અને અજ્ઞાની જીવ ચૈતન્યભાવ અને રાગાદિના ભિન્ન લક્ષણને નહિ જાણતો થકો, બંનેને એકમેક માનતો થકો, જ્ઞાનની જેમ રાગાદિમાં જ પોતાપણે નિઃશંક પ્રવર્તે છે, પણ રાગથી જ્ઞાનને જુદું કરીને ચૈતન્યસ્વભાવમાં એકતા કરતો નથી. આ રીતે જ્ઞાની જ્ઞાનસ્વભાવમાં જ એકતા કરીને જ્ઞાનક્રિયારૂપ પ્રવર્તે છે, અને અજ્ઞાની ક્રોધાદિમાં જ એકતાપણે વર્તતો થકો અજ્ઞાનમય એવી ક્રોધાદિક્રિયાને કરે છે.

* આમાં નિશ્ચય વ્યવહાર કઈ રીતે છે?

જ્ઞાનીને સ્વભાવના આશ્રયે થતી જે શુદ્ધજ્ઞાનક્રિયા છે ને તે નિશ્ચય છે, તે આત્માના સ્વાશ્રયે હોવાથી શુદ્ધનિશ્ચય છે; અને જે રાગાદિ અશુદ્ધક્રિયા છે તે અશુદ્ધઉપાદાન છે ને તે અશુદ્ધનિશ્ચય છે; શુદ્ધનિશ્ચયની દ્રષ્ટિમાં તો અશુદ્ધનિશ્ચય તે પણ વ્યવહારમાં જ જાય

## મંગલ જન્મોત્સવ અંક

છે, અને તે વ્યવહાર પરાશ્રિત હોવાથી (કર્મના આશ્રયે હોવાથી) તે પણ કર્મની જેમ પર જ છે. આ રીતે એક તરફ શુદ્ધઉપાદાન તે સ્વ, અને બીજી તરફ અશુદ્ધતા તથા તેના નિમિત્તો–તે બધુંય પર–એમ સ્પષ્ટ ભેદજ્ઞાન કરાવ્યું છે.

શુદ્ધ દ્રષ્ટિથી જોતાં આત્મા વિકારનું કારણ નથી, તેમજ વિકારવડે તેનું નિર્મળકાર્ય થાય એમ પણ નથી. ચૈતન્યસ્વભાવ તરફ જે પર્યાય વળી તે નિર્મળ પર્યાય રાગનું કારણ નથી, તેમજ રાગ તે નિર્મળપર્યાયનું કારણ નથી. આ રીતે વિકાર સાથે કારણકાર્ય વગરની એવી અકાર્યકારણત્વશક્તિ આત્મામાં છે. જ્યાં વિકાર સાથે પણ આત્માને કારણકાર્યપણું શુદ્ધદ્રષ્ટિમાં નથી ત્યાં પરની સાથે તો કારણકાર્યપણું કેવું? આવા શુદ્ધ આત્માની દ્રષ્ટિમાં વિકારની ઉત્પત્તિ જ થતી નથી એટલે તે વિકારક્રિયાનો નિષેધ સહજ થઈ જાય છે.

* અજ્ઞાનીને શેનો અભ્યાસ છે?

સ્વભાવમાં અભાવરૂપ એવી જે વિકારક્રિયા, તેનો આત્મામાં નિષેધ હોવા છતાં અજ્ઞાનને તે વિકારક્રિયાનો જ અનાદિથી અભ્યાસ છે એટલે તેને તે નિઃશંકપણે પોતાની માનીને વર્તે છે; જરાક વિચાર પણ કરતો નથી કે હું તો જ્ઞાન છું ને રાગ મારી ક્રિયા કેમ હોય? રાગ જ મારું સ્વ છે–એમ તેમાં નિઃશંકપણે અજ્ઞાની પ્રવર્તે છે. પણ રાગથી ભિન્ન જ્ઞાનસ્વભાવનો તેને અભ્યાસ નથી, તેનો પરિચય નથી; સ્વભાવમાંથી રાગ છૂટી શકે છે તેનો તેને વિચાર પણ નથી; તેથી તે રાગરૂપ, ક્રોધરૂપ, મોહરૂપ તન્મય થઈને પરિણમે છે. જુઓ, આ અજ્ઞાનીનો અભ્યાસ! સ્વભાવની વિદ્યાને ભૂલીને એકલા વિકારીભાવોનો જ અભ્યાસ છે, વિકારની જ તેને ટેવ છે.

* ધર્માત્માને કેવો અભ્યાસ હોય છે?

શાંતિનો સમુદ્ર ચૈતન્યસ્વરૂપ મારો આત્મા છે, ને ક્રોધાદિ પરભાવો મને અશાંતિ કરનાર છે તે મારા ચૈતન્યસ્વરૂપથી બહાર જુદા છે, આવા ભેદજ્ઞાનનો અભ્યાસ ધર્માત્માને હોય છે. આ ભેદજ્ઞાનનો અભ્યાસ તે મોક્ષનું કારણ છે. સમસ્ત પરભાવો પોતાથી અત્યંત ભિન્ન જાણીને તે છોડે છે, ને જ્ઞાનસ્વભાવમાં નિઃશંકપણે તન્મય થઈને વર્તે છે, તેને જ્ઞાનમાં એકતાનો અભ્યાસ છે, જ્ઞાનભાવની ટેવ છે, ભેદજ્ઞાનના અભ્યાસથી ઉપયોગને અંતરમાં વાળીને તે મોક્ષને સાધે છે. આવો ધર્માત્માનો અભ્યાસ છે.

* અજ્ઞાની શેનો ત્યાગ કરે છે?

ક્રોધાદિ વ્યાપારમાં લીન થઈને પરિણમતો અજ્ઞાની જીવ, આત્માની જે જ્ઞાનભવન માત્ર સહજ ઉદાસીન અવસ્થા તેનો ત્યાગ કરે છે, એટલે કે અંતર્મુખ થઈને જ્ઞાતાદ્રષ્ટાભાવરૂપે પરિણમતો નથી, પણ અજ્ઞાનરૂપે પરિણમે છે.

**મંગલ જન્મોત્સવ અંક**

* જ્ઞાની શેનો ત્યાગ કરે છે?

ભેદજ્ઞાનના બળે ક્રોધાદિથી તદ્દન ભિન્ન પરિણમતો થકો, જ્ઞાનસ્વભાવની સન્મુખપણે જ્ઞાનમાત્ર ક્રિયાપણે પરિણમતો થકો, સહજ ઉદાસીન અવસ્થાને ગ્રહણ કરે છે, ને પરભાવભૂત વિકારીક્રિયાનો ત્યાગ કરે છે એટલે કે તે રૂપે પરિણમતો નથી.

* અજ્ઞાનીને ક્રોધાદિ કેવા ભાસે છે?

ક્રોધાદિથી ભિન્ન સહજજ્ઞાનની જેને ખબર નથી એવા અજ્ઞાનીને તે ક્રોધાદિભાવો પોતાના અંતરંગમાં પોતાના કાર્ય તરીકે પ્રતિભાસે છે; ક્રોધાદિભાવો છે તો ચૈતન્યથી બહિરંગ, પણ અજ્ઞાનીને તે અંતરંગપણે ભાસે છે, જાણે કે આ ક્રોધાદિ તે મારા ચૈતન્યનું જ કાર્ય હોય, ચૈતન્યવડે જ તે કરાતાં હોય એમ અજ્ઞાનને લીધે પ્રતિભાસે છે. આ રીતે તે અજ્ઞાની ક્રોધાદિભાવોનો કર્તા થઈને તેને પોતાનું કર્મ બનાવે છે. આટલી અજ્ઞાનીના કર્તાકર્મપણાની હદ છે, પણ તેથી બહાર શરીરાદિ પરદ્રવ્ય સાથે તો તેને પણ જરાય કર્તાકર્મપણું નથી.

* જ્ઞાનીને ક્રોધાદિ ભાવો કેવા ભાસે છે?

ક્રોધાદિથી ભિન્ન પોતાના ચૈતન્યસ્વભાવને જાણનાર જ્ઞાનીધર્માત્મા ક્રોધાદિને પોતાના સ્વભાવથી બાહ્ય દેખે છે, ક્રોધાદિભાવો તેને સ્વભાવરૂપ ભાસતા નથી પણ સંયોગરૂપ ભાસે છે. વિકારનો અંશ પણ તેને પોતાના સ્વભાવપણે ભાસતો નથી. તે જાણે છે કે–

“મારો સુશાશ્વત એક દર્શન–જ્ઞાનલક્ષણ જીવ છે,
બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે.”

* આત્માને અને જ્ઞાનને કેવો સંબંધ છે?

આત્માને અને જ્ઞાનને નિત્ય તાદાત્મ્ય સંબંધ છે, એટલે કે બંનેને એકતા છે. આત્મા પોતે જ્ઞાનસ્વરૂપ જ છે, જ્ઞાનથી તેને જરાપણ જુદાઈ નથી.

* આત્માને અને રાગાદિભાવોને કેવો સંબંધ છે?

પર્યાય અપેક્ષાએ જોતાં તે રાગાદિ ભાવો આત્માની પર્યાયમાં થતા હોવાથી તેને પર્યાય સાથે ક્ષણિક તાદાત્મ્ય સંબંધ છે, પણ આત્માના શુદ્ધસ્વભાવની દ્રષ્ટિથી જોતાં તેમાં રાગનો અભાવ જ છે, ક્ષણિક તાદાત્મ્યસંબંધ પણ નથી, તે તો માત્ર સંયોગસંબંધરૂપ છે. ચૈતન્ય સ્વભાવમાં જેમ દેહાદિસંયોગનો અભાવ છે તેમ રાગાદિનો પણ અભાવ છે, ભેદજ્ઞાની જીવ આત્માના સ્વભાવને રાગથી જુદો જ અનુભવે છે.

* જીવને કર્મ સાથે કેવો સંબંધ છે?

જીવનો શુદ્ધ ચૈતન્યસ્વભાવ તો કર્મબંધનું નિમિત્ત પણ નથી, એટલે શુદ્ધદ્રષ્ટિથી તો

## મંગલ જન્મોત્સવ અંક

જીવને કર્મ સાથે નિમિત્ત–નૈમિત્તિક સંબંધ પણ નથી, અને ભેદજ્ઞાન કરીને જેણે ચૈતન્ય સ્વભાવમાં એકતારૂપ પ્રવૃત્તિ પ્રગટ કરી છે એવા જ્ઞાનીના જ્ઞાનપરિણામ પણ કર્મબંધનું નિમિત્ત થતા નથી, તેને કર્મ સાથેનો નિમિત્ત–નૈમિત્તિકસંબંધ તૂટી ગયો છે. જે અજ્ઞાની છે, જેને ભિન્ન ચૈતન્યનું ભાન નથી, રાગમાં એકતાપણે જે વર્તે છે એવા જીવના અજ્ઞાનમય રાગાદિ પરિણામ તે કર્મબંધનું નિમિત્ત છે; એ રીતે અજ્ઞાની જીવના અજ્ઞાનમય પરિણામને જ કર્મબંધ સાથે નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે; પરંતુ તેને ય જડકર્મ સાથે કર્તાકર્મપણું તો છે જ નહીં.

* વિકાર સાથે કર્તાકર્મની પ્રવૃત્તિ ક્યાં સુધી છે?

જ્યાં સુધી આત્માનું અને વિકારનું ભેદજ્ઞાન નથી ત્યાં સુધી જ અજ્ઞાનીને વિકાર સાથે કર્તાકર્મની પ્રવૃત્તિ છે. અને જ્યાં સુધી એવી કર્તાકર્મની પ્રવૃત્તિ છે ત્યાં સુધી જ બંધન અને સંસાર થાય છે.

હવે, આવી અજ્ઞાનપ્રવૃત્તિ ક્યારે છૂટે? એમ જિજ્ઞાસુ શિષ્ય પૂછશે, ને આચાર્યદેવ તેનો ઉત્તર આપશે.

### દસ પ્રશ્ન

(૧) પંડિત કોણ?
(૨) મોક્ષનું કારણ શું?
(૩) મોક્ષમાર્ગ કેવો છે?
(૪) કર્મ કેવું છે?
(૫) મોક્ષમાર્ગમાં શેનો નિષેધ છે?
(૬) શુભરાગના આશ્રયે મોક્ષમાર્ગ કેમ ન થાય?
(૭) મિથ્યાદૃષ્ટિ જીવ કેવો છે?
(૮) સાચું જીવન કોણ જીવે છે?
(૯) મોક્ષાર્થીએ શું કરવા યોગ્ય છે?
(૧૦) જ્ઞાનમય પરિણમનની શરૂઆત ક્યારે થાય?

(સમયસારના પુણ્ય–પાપ અધિકારના પ્રવચનો ઉપરથી દસ પ્રશ્નો અહીં આપ્યા છે... તેના ઉત્તર આ અંકમાં જ અન્યત્ર આપેલા છે... તે શોધી લેશોજી.)

મંગલ જન્મોત્સવ અંક

# પ્રભો, અજ્ઞાનપ્રવૃત્તિ ક્યારે છૂટે ?



હવે જેને બંધનથી છૂટવાની ભાવના છે, એવો શિષ્ય જિજ્ઞાસુ થઈને પૂછે છે કે પ્રભો! અનાદિના અજ્ઞાનથી જે આ કર્તાકર્મની પ્રવૃત્તિ છે તેનો અભાવ ક્યારે થાય? અરે, ચૈતન્યને દુઃખ દેનારી આ અજ્ઞાનપ્રવૃત્તિ ક્યારે છૂટે? પ્રભો! અજ્ઞાન જ આ સંસારનું મૂળ છે–એમ આપ કહ્યું, તો હવે તે અજ્ઞાનનો અભાવ કેમ થાય? શિષ્યને અજ્ઞાનથી શીઘ્ર છૂટવાની ઝંખના જાગી છે તેથી ધગશપૂર્વક શ્રીગુરુને આવો પ્રશ્ન પૂછે છે. અનાદિકાળ તો આવા અજ્ઞાનમાં વીત્યો પણ હવે જે શિષ્ય જાગ્યો છે તે લાંબો કાળ અવા અજ્ઞાનમાં રહેવાનો નથી, તેને ધર્મલબ્ધિનો કાળ નજીક આવ્યો છે; તે શિષ્ય પૂછે છે કે પ્રભો! આત્માને બંધનનું કારણ એવું આ અજ્ઞાન ક્યારે ટળે? શીઘ્ર અજ્ઞાન ટળે એવો ઉપાય જાણીને શિષ્ય અજ્ઞાનને ટાળવા તત્પર થયો છે.

આવા શિષ્યને આચાર્યદેવ ઉત્તર આપે છે કે સાંભળ! –

**આ જીવ જ્યારે આસ્રવોનું તેમ નિજ આત્માતણું**
**જાણે વિશેષાંતર, તદા બંધન નહિ તેને થતું. ૭૧.**

આત્મા ચૈતન્યસ્વભાવમય છે, તે ક્રોધાદિમય નથી, અને ક્રોધાદિ તે આસ્રવમય છે તે ચૈતન્યમય નથી–આ પ્રમાણે બંનેની ભિન્નતા જાણીને જીવ જ્યારે ભેદજ્ઞાન કરે છે ત્યારે તેને અજ્ઞાનનો નાશ થાય છે; અને અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી એવી વિકાર સાથેની કર્તાકર્મની પ્રવૃત્તિ પણ છૂટી જાય છે, તે છૂટી જતાં તેને બંધન પણ અટકી જાય છે.

# મંગલ જન્મોત્સવ અંક

## આ જગતમાં વસ્તુઓ કેવી છે?

આ જગતમાં જે કોઈ વસ્તુ છે તે પોતાના સ્વભાવમાત્ર જ છે. આત્મા વસ્તુ છે તે પોતાના જ્ઞાનસ્વભાવમાત્ર જ છે. નિશ્ચયથી જે જ્ઞાનનું પરિણમવું તે આત્મા છે. જ્ઞાનના પરિણમનમાં શ્રદ્ધા–જ્ઞાન–આનંદ વગેરે બધા ભાવો સમાય છે, પણ તેમાં ક્રોધાદિ સમાતા નથી. અથવા, નિશ્ચયરત્નત્રયરૂપ જે ભાવ તે જ્ઞાનનું પરિણમન છે, તે આત્માનો સ્વભાવ છે, અને વ્યવહારરત્નત્રયરૂપ શુભભાવ તે ખરેખર જ્ઞાનનું પરિણમન નથી, તે આત્માનો સ્વભાવ નથી. જુઓ, આ ભેદજ્ઞાન!! આવું ભેદજ્ઞાન તે જ અજ્ઞાનના નાશનો ઉપાય છે. જ્યારે આવું ભેદજ્ઞાન કરે ત્યારે જ અજ્ઞાનનો નાશ થાય છે. આવા ભેદજ્ઞાન વગર ક્યારેય અજ્ઞાન છૂટે નહિ.


## જ્ઞાનને અને ક્રોધને કઈ રીતે જુદાપણું છે?

જ્ઞાનમાં ક્રોધ નથી ને ક્રોધમાં જ્ઞાન નથી. જીવ જ્યારે સ્વભાવસન્મુખ થઈને જ્ઞાનપણે પરિણમે છે ત્યારે તે જ્ઞાનના પરિણમનમાં જ્ઞાન થતું માલુમ પડે છે, પણ તે જ્ઞાનપરિણમનમાં ક્રોધાદિ થતા માલુમ પડતા નથી; આ રીતે જ્ઞાનમાં ક્રોધ નથી. અને જ્યારે ક્રોધાદિમાં એકપણે પરિણમે છે ત્યારે તે જીવને તે ક્રોધાદિના પરિણમનમાં ક્રોધાદિ પરભાવો જ ભાસે છે, પણ તે ક્રોધાદિમાં જ્ઞાન ભાસતું નથી, કેમકે ક્રોધાદિમાં જ્ઞાન નથી. આ રીતે જ્ઞાન અને ક્રોધાદિને અત્યંત ભિન્નતા છે; એટલે જ્ઞાનસ્વભાવી આત્માને ક્રોધાદિ સાથે એકતા નથી પણ ભિન્નતા છે.

જુઓ, આ અંદરના વેદનની વાત! જ્યાં સ્વભાવસન્મુખ થઈને જ્ઞાનપણે પરિણમ્યો ત્યાં ક્રોધાદિથી જુદાપણે પરિણમન થયું. ત્યાં ક્રોધથી ભિન્ન જ્ઞાનનું વેદન થયું. તે વેદનમાં ક્રોધાદિની ઉત્પત્તિ થતી નથી. જ્ઞાનની અને ક્રોધની ભિન્નતા જ્ઞાનીને વેદનમાં સ્પષ્ટ ભાસે છે. જ્યાં પરિણતિ સ્વભાવ તરફ ઝૂકી ત્યાં ક્રોધથી છૂટી. પરિણતિ જ્ઞાનસ્વભાવ તરફ ઝૂકે અને તેમાં રાગની રુચિ પણ રહે એમ કદી બનતું નથી. જ્યાં જ્ઞાનની રુચિ છે ત્યાં રાગની રુચિ નથી; અને જ્યાં સમજાવીને આચાર્યદેવ કેવું સ્પષ્ટ ભેદજ્ઞાન કરાવ્યું છે? આવું ભેદજ્ઞાન કરતાંવેંત જ અજ્ઞાન નાશ પામે છે. –આ અપૂર્વ ધર્મ છે.




# મંગલ જન્મોત્સવ અંક



વૈશાખ સુદ બીજ એટલે આપણા ગુરુદેવના જન્મની મંગલ વધાઈ! આત્માર્થી જીવોને માટે એ સોનેરી પ્રસંગ છે. આત્મહિતનો સુપંથ દર્શાવીને ભવ્ય જીવો ઉપર ગુરુદેવે મહાન ઉપકાર કર્યો છે. આ જગતમાં મહાન દુર્લભ એવો ધર્માત્માનો સુયોગ ગુરુદેવના જ પ્રતાપે જિજ્ઞાસુ જીવોને સંપ્રાપ્ત થયો છે. આ હળહળતા કળિકાળમાં ધર્માત્માનો સાક્ષાત્ યોગ નિરંતર મળવો એ તો ખરેખર રણમાં રખડતા તૃષાતૂરને અમૃતના ધોરિયા મળવા જેવું છે. જેમ માબાપની હાજરી પણ બાળકને પ્રસન્નકારી ને હિતકારી છે તેમ ધર્માત્માનો યોગ મુમુક્ષુ જીવને પ્રસન્નકારી ને હિતકારી છે. અહા! જે મહાપુરુષના પ્રતાપે ભવભ્રમણથી છૂટવાની દિશા સૂઝી હોય, જે સંતના નિમિત્તે સત્ય ધર્મની પ્રાપ્તિ થઈ હોય, જે મંગલમૂર્તિના પ્રસાદથી આત્મકલ્યાણના આશીર્વાદ મળ્યા હોય, તે મહાત્માના જન્મોત્સવ-પ્રસંગે ભક્તહૃદયની સિતાર અસંખ્ય પ્રદેશના તારોથી ઝણઝણી ઊઠે છે. હે ગુરુદેવ! આપ અનારા ધર્મપિતા... ને અમે આપનાં બાળક... અમારા જીવનનું મહા સૌભાગ્ય છે કે અમે આપના પરિવારના થયા. હવે સદાય આપની સાથે ને સાથે જ રહીને આપની મંગલ છાયામાં આપના આશીર્વાદથી સમ્યક્ત્વાદિ આત્મલાભને સાધીએ... એવી આ મંગલદિને અભ્યર્થના કરીએ છીએ.

–હરિ અને ચંદુ.

# મંગલ જન્મોત્સવ અંક



**- આ છે શોરીપુરના નેમનાથ ભગવાન !**

આનંદરસ ટપકતી એમની અદ્‌ભૂત મુદ્રામાંથી જાણે વૈરાગ્યના શેરડા છૂટે છે.

"અહા નાથ ! જે પરમવૈરાગ્યજીવન આપે અંગીકાર કર્યું, અમારા ચિત્તમાં પણ તે જ રમી રહ્યું છે–અમારા મનને તે જ ગમ્યું છે–તેથી અમે પણ આપના પગલે પગલે મોક્ષને સાધશું." –આવી ભાવનાપૂર્વક ભક્તો ભગવાનના દર્શન કરી રહ્યા છે.

મંગલ જન્મોત્સવ અંક

# ધર્માત્માની ધર્મપરિણતિ

ધર્માત્માને સમ્યગ્દર્શનપૂર્વક જેટલી વીતરાગપરિણતિ થઈ છે તેટલો ધર્મ છે; તેની સાથે શુભોપયોગ ભલે હો, પણ તે શુભોપયોગ પોતે કાંઈ ધર્મપરિણતિ નથી. -આમ સમજાવીને પછી આચાર્યદેવ શુદ્ધોપયોગનું ફળ વર્ણવીને તેમાં આત્માને પ્રોત્સાહિત કરે છે. અહો, શુદ્ધોપયોગનો એ આનંદ!!

(પ્રવચનસાર ગાથા ૧૧-૧૩ના પ્રવચનોમાંથી)

ધર્મપરિણતિ અને શુદ્ધોપયોગપરિણતિ તેમાં શું ફેર? ધર્મપરિણતિ તો સમ્યગ્દર્શન થયું ત્યારથી ધર્માત્માને સદાય વર્ત્યા કરે છે, ને શુદ્ધોપયોગપરિણતિ તો ક્યારેક ક્યારેક થાય છે, સાતમા ગુણસ્થાનથી માંડીને ઉપરના ગુણસ્થાનોમાં શુદ્ધોપયોગપરિણતિ સદાય હોય છે. ધર્મીને શુભોપયોગ પરિણતિ હોય ત્યારે પણ ધર્મપરિણતિ તો સાથે વર્તે જ છે, પંરતુ શુભોપયોગ વખતે શુદ્ધોપયોગપરિણતિ હોતી નથી.

અહીં, શુભોપયોગ વખતે પણ ધર્મપરિણતિ હોય છે એમ કહ્યું, તેથી એમ ન સમજી લેવું કે શુભોપયોગ તે ધર્મ છે. ધર્મ તો અંદર જેટલી રાગરહિત પરિણતિ થઈ તેટલો જ છે; જે શુભરાગ રહ્યો તે તો વિરુદ્ધ પરિણિત છે, તે કાંઈ ધર્મ નથી. તે શુભરાગમાં કાંઈ એવી તાકાત નથી કે મોક્ષરૂપ કાર્ય કરી શકે. તે તો બંધનનું જ કારણ છે. મોક્ષનું કારણ તો શુદ્ધપરિણતિ જ છે.

ધર્મપરિણતિ જીવને શુભોપયોગ હોય તેનું ફળ શું તે બતાવ્યું, પણ તેથી કરીને ધર્મપરિણત જીવના શુભોપયોગને આચાર્યદેવે ધર્મ નથી કહ્યો; તે શુભને તો વિરોધીકાર્ય કરનાર કહ્યો છે. અવિરુદ્ધકાર્ય એવો જે મોક્ષ, તેનાથી વિરુદ્ધકાર્ય એટલે બંધન, –શુભરાગ તે બંધનનો કર્તા છે. શુદ્ધોપયોગરૂપ ચારિત્ર તો મોક્ષરૂપ સ્વકાર્યને કરવામાં સમર્થ છે; પણ તે ચારિત્ર જ્યારે શુભરાગ સહિત હોય ત્યારે તે રાગના સદ્ભાવને લીધે પોતાના અવિરુદ્ધકાર્યને સાધી શકતું નથી; શુભરાગ મોક્ષથી વિરુદ્ધકાર્ય કરનારું છે.

અહો, આચાર્યદેવે આ ગાથામાં શુદ્ધપરિણતિનું અને શુભરાગનું બંનેનું ભિન્નભિન્ન ફળ બતાવીને ઘણી સ્પષ્ટતાથી સમજાવ્યું છે. શુદ્ધપરિણતિનું કાર્ય મોક્ષ, ને શુભપરિણતિનું કાર્ય બંધ, –આમ બંનેના માર્ગ જુદા છે. ભલે એક જીવને બંને ભાવો સાથે હોય, પણ બંનેનું કાર્ય

મંગલ જન્મોત્સવ અંક

જાુદું છે. ધર્માત્માનો શુભરાગ પણ બંધનું જ કારણ છે તે કાંઈ મોક્ષનું કારણ નથી. તો પછી અજ્ઞાનીના શુભની તો વાતજ શી! જ્ઞાનીને શુભ વખતે જેટલી શુદ્ધપરિણતિ છે તે તો મોક્ષનું જ અવિરુદ્ધ કારણ છે.

જીવ પોતે પરિણમનસ્વભાવવાળો છે. એટલે ધર્મપરિણતિરૂપે કે શુભ અશુભપરિણતિરૂપે પોતેજ પરિણમે છે; પોતે જ પોતાના પરિણમનસ્વભાવથી તે તે ભાવોમાં તદ્રૂપ થઈને તે કાળે પરિણમે છે, કોઈ બીજાના કારણે તે પરિણામ થતા નથી. એટલે નિમિત્તના કારણે કોઈ પણ પરિણામ થાય એ વાત ન રહી.

હવે પોતાથી જે પરિણામ થાય છે તેમાં, જે શુદ્ધપરિણામ છે તે તો ધર્મ છે, તે મોક્ષનું કારણ છે. અને તે વખતે શુભપરિણામ હોય તે કાંઈ ધર્મ નથી, તે મોક્ષનું કારણ નથી. તે તો પુણ્યબંધનું કારણ છે.

અહા, કેટલી સ્પષ્ટ વાત!! પરને કારણે તારા કોઈ પરિણામ નહિ, ને તારા પરિણામમાં શુભ તે ધર્મ નહિ. સ્વભાવને અવલંબીને જેટલી શુદ્ધપરિણતિ થઈ તેટલો જ ધર્મ છે, તેટલું જ મોક્ષનું કારણ છે ને તે જ ઉપાદેય છે.

સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્માને ધર્મપરિણતિ તો સદાય વર્તે છે, તે ધર્મપરિણતિ હોવા છતાં તેની સાથે જ્યારે રાગ હોય છે ત્યારે તે ધર્મીને મોક્ષસાધનમાં એટલું વિઘ્ન છે. ધર્મી જાણે છે કે આ શુભરાગ તે કાંઈ મારી ધર્મપરિણતિ નથી, મારી ધર્મપરિણતિ તો રાગથી પાર છે. શુભોપયોગ તો બંધનું કારણ છે, તે ઉપાદેય નથી, શુદ્ધોપયોગ જ ઉપાદેય છે, તે સાક્ષાત્ મોક્ષનું કારણ છે. શુદ્ધપરિણતિ અને શુભપરિણતિ એ બંનેની જાત જ જાુદી છે. શુભપરિણતિને તો બધા જીવો સ્થૂળપણે જાણે છે. પણ શુદ્ધપરિણતિ ધર્માત્માના અંતરમાં હોય છે તે સૂક્ષ્મ છે, તે શુદ્ધપરિણતિને અજ્ઞાનીઓ જાણતા નથી. તે તો શુભમાં અને તેના ફળમાં સુખ માનીને રોકાઈ જાય છે, રાગથી પાર ચૈતન્યનું અતીન્દ્રિય–વિષયાતીત સુખ શું ચીજ છે તેને તે જાણતો નથી. અરે, અશુભના ફળમાં તો નરકાદિના ઘોર દુઃખ છે, તેની તો શી વાત! એ તો અત્યંત હેય છે, દુરથી જ છોડવા જેવો છે; અને, શુદ્ધપરિણતિ સાથે નજીક વર્તતો જે શુભ ઉપયોગ તેનું ફળ પણ આકુળતા જ છે તેથી તે પણ હેય છે. શુદ્ધોપયોગનું ફળ પરમ આનંદ છે તે જ ઉપાદેય છે.

–આવા શુદ્ધોપયોગને આચાર્યદેવે આત્મસાત્ કર્યો છે એટલે કે પોતાના આત્માને આવા શુદ્ધોપયોગરૂપે પરિણમાવ્યો છે. એ રીતે શુદ્ધોપયોગને આત્મસાત્ કરીને આચાર્યદેવ તેના

**મંગલ જન્મોત્સવ અંક**

ફળરૂપ પરમ અતીન્દ્રિય સુખને પ્રશંસે છે. અહો, શુદ્ધોપયોગના ફળમાં આવું અતીન્દ્રિય સુખ છે– એમ જાણતાં આત્માને તેનું પ્રોત્સાહન મળે છે. કેવું છે શુદ્ધોપયોગનું સુખ ? તે ૧૩મી ગાથામાં કહે છે–

**અત્યંત, આત્મોત્પન્ન, વિષયાતીત, અનુપ, અનંત ને**
**વિચ્છેદહીન છે સુખ અહો! શુદ્ધોપયોગપ્રસિદ્ધને. ૧૩.**

અનાદિ સંસારથી કદી જે આનંદ પૂર્વે એક ક્ષણ પણ નથી અનુભવાયો એવો અપૂર્વ, કોઈ પરમ અદ્‌ભૂત આનંદ ધર્મીને શુદ્ધપયોગમાં અનુભવાય છે. અહા, અતીન્દ્રિય પરમ આહ્‌લાદ જેનો સ્વાદ જીવે પૂર્વે અનાદિ સંસારમાં કદી ચાખ્યો નથી એવો પરમ આહ્‌લાદ શુદ્ધોપયોગીને સ્વાદમાં આવે છે. પોતાના આત્માથી જ તે સુખની ઉત્પત્તિ થાય છે, બહારના કોઈ વિષયોના અવલંબન વિના, આત્મામાં જે પરમ સહજ સુખનો સમુદ્ર ભર્યો છે તેમાંથી જ શુદ્ધોપયોગવડે તે અતીન્દ્રિય સુખ પ્રગટે છે. જેમાં કોઈ પરના આશ્રયની અપેક્ષા નથી, જેમાં ઇન્દ્રિયોનું કે ઇન્દ્રિયવિષયોનું અવલંબન નથી, ચૈતન્યના અંતરમાં જ ઉપયોગ મુકીને આત્મા પોતે પોતાના આશ્રયથી પરમ આનંદરૂપ પરિણમે છે. આહા! આત્માના જ આશ્રયે આત્માનો મોક્ષ થાય છે. મોક્ષ કહો કે પૂર્ણાનંદની પ્રાપ્તિ કહો, તેની ઉત્પત્તિ આત્માના જ આશ્રયે થાય છે. શુદ્ધોપયોગ વડે આવો પરમ આનંદ અનુભવાય છે. જુઓ તો ખરા, આ શુદ્ધોપયોગનું ફળ! આવું અતીન્દ્રિય સુખ પરમ પ્રશંસનીય છે–એમ બતાવીને આચાર્યદેવ આત્માને તેનું પ્રોત્સાહન આપે છે. અહા, જે સુખમાં કોઈ સંકલ્પ–વિકલ્પ નથી, આત્મા સિવાય બીજા કોઈની જેમાં અપેક્ષા નથી એવું પરમ સુખ શુદ્ધોપયોગીને હોય છે.

ઇન્દ્રના વૈભવના કે ચક્રવર્તીના વૈભવના સુખ તે બધાય સુખક રતાં શુદ્ધોપયોગના સુખની જાત જ જુદી છે, તેની સાથે કોઈને સરખાવી શકાતા નથી, માટે તે સુખ અનુપમ છે. આવા શુદ્ધોપયોગના ફળને જાણીને હે જીવ! તું તેમાં પ્રોત્સાહિત થા! સ્વભાવના આશ્રયે જે સુખ પ્રગટયું તે સદા ટકી રહે છે, અનંતકાળ ટકી રહે છે; અને વચ્ચે તેમાં ભંગ પડતો નથી. વિચ્છેદ થતો નથી. બહારમાં ગમે તેવી પ્રતિકૂળતાના ગંજ હો–પણ શુદ્ધોપયોગમાં લીન સન્તોનું સુખ વિચ્છિન્ન થતું નથી. આવું પરમ સુખ... તે કેમ પ્રગટે ? કે શુદ્ધોપયોગ વડે પ્રગટે. અહા, ચૈતન્યનું આવું સુખ!! આવો આહ્‌લાદ!! આવો નિરપેક્ષ આનંદ!! –તે સર્વથા પ્રાર્થનીય છે, પરમ ઉપાદેય છે. આવું સુખ શુદ્ધોપયોગવડે પમાય છે–માટે તે શુદ્ધોપયોગમાં મોક્ષાર્થી જીવ પોતાના આત્માને પ્રોત્સાહિત કરે છે. જુઓ, મોક્ષાર્થીને ઉત્સાહ શુભનો નથી, મોક્ષાર્થીને તો શુદ્ધોપયોગનો જ ઉત્સાહ છે... આવા શુદ્ધોપયોગ વડે પ્રાપ્ત થતું જે પરમ સુખ તે પ્રાર્થનીય છે.

## મંગલ જન્મોત્સવ અંક

* આવું સુખ કોને હોય ? શુદ્ધોપયોગીને.

* શુદ્ધોપયોગ કોને હોય ? જેને ચારિત્ર હોય તેને. ( નીચે કોઈકવાર હોય છે તે ગૌણ છે. )

* ચારિત્ર કોને હોય ? સમ્યગ્દર્શન હોય તેને.

* સમ્યગ્દર્શન કોને હોય ? પોતાના ત્રિકાળી જ્ઞાનાનંદસ્વભાવનો જે આશ્રય કરે તેને.

માટે અંતર્મુખ અભ્યાસવડે પોતાના જ્ઞાનાનંદ સ્વભાવનો પરમ મહિમાપૂર્વક આશ્રય કરવો–તે મુમુક્ષુનું કર્તવ્ય છે.

* જ્ઞાનાનંદસ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

* સમ્યગ્દર્શનપૂર્વક ચારિત્રદશા થાય છે.

* ચારિત્રદશામાં શુદ્ધોપયોગ થાય છે.

* ને શુદ્ધોપયોગવડે પરમઅચિંત્ય અપૂર્વ ઇન્દ્રિયાતીત આનંદ અનુભવાય છે.

## નમસ્કાર હો એવા શુદ્ધોપયોગી સંતોને.



**મંગલ જન્મોત્સવ અંક**

# ધન્ય એ શુદ્ધોપયોગી સંત

## ( પ્રવચનસાર ગા. ૧૪ ના પ્રવચનમાંથી: માહ વદ છઠ્ઠ )

– શુદ્ધોપયોનું ફળ પરમ અતીન્દ્રિય સુખ અને કેવળજ્ઞાન છે. તે પ્રશંસનીય છે.

– તે શુદ્ધોપયોગ કોને હોય? –કે જેને પ્રથમ તો ભેદજ્ઞાનવડે સ્વદ્રવ્ય અને પરદ્રવ્યને જુદા જાણ્યા છે; તે ઉપરાંત મધ્યસ્થ ભાવરૂપ થઈને નિજસ્વરૂપમાં ઠર્યા છે, એવા સમભાવી શ્રમણને શુદ્ધોપયોગ હોય છે.

– અહો, શુદ્ધોપયોગમાં વીતરાગતા છે, તે વીતરાગતામાં વિષમતા નથી.

– જ્યાં સ્વ–પરનું ભેદજ્ઞાન ન હોય ત્યાં વિષમતા હોય, ત્યાં વીતરાગી સમભાવ ન હોય.

– પહેલાં વસ્તુસ્વરૂપ જેમ છે તેમ જ્ઞાનમાં ને શ્રદ્ધામાં પણ જો ન આવે તો તેના સમ્યક્ આચરણનું વિધાન ક્યાંથી હોય?

– પહેલી વાત એ છે કે ભાવશ્રુતવડે જેણે શાસ્ત્રનું રહસ્ય એમ જાણ્યું છે કે સ્વદ્રવ્ય ને પરદ્રવ્ય અત્યંત ભિન્ન છે; દરેક દ્રવ્ય નિજપરિણામમાં તન્મયપણે પરિણમે છે, અન્ય દ્રવ્ય સાથે તેને જરાય સંબંધ નથી.

– ભાઈ, શાસ્ત્રમાંથી જો આવું રહસ્ય તું કાઢ તો જ તું શાસ્ત્રના રહસ્યને સમજ્યો છે. જો આવું રહસ્ય ન સમજ તો તને શાસ્ત્રનું જ્ઞાન જ નથી.

– અહીં તો શાસ્ત્રના અર્થોના જ્ઞાનના બળવડે જેણે ભેદજ્ઞાન કર્યું છે, જેણે સમ્યગ્દર્શન કર્યું છે, અને તે ઉપરાંત જેણે નિજ સ્વરૂપમાં લીનતા પ્રગટ કરી છે એવા શુદ્ધોપયોગી મુનિની વાત છે. સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાન તો ગૃહસ્થદશામાંય થાય છે, પણ તે ઉપરાંત આગળ વધીને મુનિદશા અને શુદ્ધોપયોગની આ વાત છે.

– આત્મા પરદ્રવ્યને કાંઈ કરી શકે છે–એ વાત તો ભેદજ્ઞાન થયું ત્યાં જ છૂટી ગઈ, પણ હજી અસંયમભાવ હોવાથી હિંસાદિની વૃત્તિ હોય છે; પરંતુ પછી સ્વરૂપમાં ઠરતાં છ જીવ નિકાયને હણવાના વિકલ્પ પણ અટકી ગયા છે, તેમ જ પાંચ ઇન્દ્રિય સંબંધી અભિલાષા પણ છૂટી ગઈ છે, એ રીતે આત્માને સંયમભાવમાં સ્થિર કર્યો છે, શુદ્ધસ્વરૂપમાં જ સમ્યક્પણે આત્માનું સંયમન કર્યું છે, –એવા જીવને સુખદુઃખજનિત વિષમતાનો અભાવ છે, –ને તેને જ પરમ સામ્યભાવરૂપ શુદ્ધોપયોગ હોય છે.

– તે શુદ્ધોપયોગી મુનિરાજને સ્વરૂપવિશ્રાંત નિસ્તરંગ ચૈતન્ય પ્રતપતું હોવાથી તે તપસહિત છે. અહા, તપ કોને કહેવું એની પણ અજ્ઞાનીઓને તો ખબર નથી. શુદ્ધસ્વરૂપ શું અને તેમાં એકાગ્રતારૂપ તપ શું–તેની ઓળખાણ તો પહેલેથી હતી, અને પછી તે

ઓળખાણ અનુસાર તેનો અમલ કરીને નિજસ્વરૂપમાં ઠર્યા ને સંયમ–તપરૂપ દેદીપ્યમાન દશા પ્રગટ કરી, ચૈતન્યને શોભાવ્યો, આત્માને વીતરાગભાવથી ઝળહળાવ્યો, –આવા પ્રતાપવંત આત્માને શુદ્ધોપયોગ હોય છે.

– સમ્યગ્દ્રષ્ટિને ચોથા ગુણસ્થાને કોઈકવાર (નિર્વિકલ્પ અનુભૂતિ વખતે) શુદ્ધોપયોગ હોય છે ને પરમ અતીન્દ્રિય આનંદનો આહ્લાદ અનુભવાય છે. –પણ તે ક્યારેક હોવાથી તેની વાત ગૌણ છે; મુનિની વાત મુખ્ય છે. મુનિઓને વારંવાર સ્વરૂપમાં લીનતાથી આવો શુદ્ધોપયોગ થાય છે.

– પરદ્રવ્યનું તો અસ્તિત્વ જ જુદું છે એટલે તેની તો શું વાત? શાસ્ત્રના અર્થ જાણ્યા ત્યાં જ પરદ્રવ્યને તો અત્યંત જુદા જાણ્યા. નિજસ્વરૂપ ચૈતન્યમય છે તે પરથી જુદું છે; એવા સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાન કર્યા ત્યાં નિજસ્વરૂપમાં જ ઠરવાનું રહ્યું.

– અહો, આ સંતોની વાણી છે. સંતોની વાણીના સમ્યક્ અર્થને પણ જે ન સમજે તેને ચારિત્ર કેવું? ને મુનિદશા કેવી? વસ્તુનું સ્વરૂપ, તારું જ્ઞાન અને શાસ્ત્રનું કથન– એ ત્રણેનો મેળ મળવો જોઈએ; તો જ સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાન છે.

– જુઓ, આવો સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાનપૂર્વકનો શુદ્ધોપયોગ હોય તેને જ મુનિપણું હોય છે. પછી ભલે છઠ્ઠા ગુણસ્થાને આવે ને શુભોપયોગ હોય, પરંતુ તે છઠ્ઠું ગુણસ્થાન પણ તેને જ આવે છે કે જેણે પહેલાં શુદ્ધોપયોગવડે મુનિદશા પ્રગટ કરી હોય.

– કોઈ એમ કહે કે અત્યારે આવો શુદ્ધોપયોગ નથી;–એમ શુદ્ધોપયોગના અસ્તિત્વની ના પાડવી તે મુનિદશાની જ ના પાડવા બરાબર છે. જો શુદ્ધોપયોગ નથી તો મુનિદશા જ નથી.

– અત્યારે ભલે આવા શુદ્ધોપયોગી મુનિ કોઈ દેખાતા નથી, –પરંતુ તેથી કાંઈ મુનિદશાનું જે સ્વરૂપ છે તે અન્યથા થઈ જતું નથી. જે કોઈ જીવને મુનિપણું પ્રગટે તેને શુદ્ધોપયોગપૂર્વક જ મુનિદશા હોય છે. શુદ્ધોપયોગના અસ્તિત્વની જે ના પાડે છે તે મુનિદશાના અસ્તિત્વની જ ના પાડે છે. અરે, સમ્યગ્દર્શન પણ પ્રથમ શુદ્ધોપયોગસહિત જ પ્રગટે છે.

– અહો, શુદ્ધોપયોગ તે તો અતીન્દ્રિય આનંદરસનું ઝરણું છે. તે અતીન્દ્રિયરસમાં મગ્ન મુનિઓ મોહના વિપાકથી અત્યંતપણે ભેદની ભાવનારૂપે પરિણમ્યા છે, એટલે ઉત્કૃષ્ટ ભાવનાવડે નિર્વિકાર આત્મસ્વરૂપને પ્રગટ કરીને ‘વીતરાગ’ થયા છે.

– આહા, જુઓ તો ખરા આ ધર્મીની દશા!! આવા શુદ્ધોપયોગધર્મરૂપે પરિણમેલા મુનિવરો ચૈતન્યની પરમ–અતીન્દ્રિય કળાને અવલોકે છે, એટલે સાતા અસાતા જનિત બહારના સુખદુઃખમાં તેમને પરિણામની વિષમતા થતી નથી, ક્યાંય ઇષ્ટ–અનિષ્ટ વૃત્તિ થતી નથી, સર્વત્ર ‘સમસુખદુઃખ’ છે, –આવા શ્રમણોને શુદ્ધોપયોગ છે.

– આવા શુદ્ધોપયોગવડે તરત જ આત્મસ્વભાવની ઉપલબ્ધિ થાય છે. અહો, આવો શુદ્ધોપયોગ અને તેનો પ્રસાદથી તરત જ થતી આત્મસ્વરૂપની પ્રાપ્તિ–તે પ્રશંસનીય છે.

મંગલ જન્મોત્સવ અંક

# શુદ્ધોપયોગનો પ્રસાદ




## ‘સ્વયંભૂ’ આત્માનું અન્ય કારકોથી અત્યંત નિરપેક્ષપણું

શુદ્ધ આત્મસ્વભાવની પ્રાપ્તિ શુદ્ધોપયોગ વડે થાય છે, અને તે શુદ્ધોપયોગ આત્મસ્વભાવના આશ્રયે જ થાય છે. શુદ્ધોપયોગ ચૈતન્યપરિણામસ્વરૂપ છે, શુભાશુભ રાગપરિણામ તે ખરેખર ચૈતન્યપરિણામસ્વરૂપ નથી. ભલે થાય છે આત્મામાં, પણ તે આત્માના સ્વભાવપરિણામ નથી. સ્વભાવપરિણામ તો શુદ્ધોપયોગ છે. તે શુદ્ધોપયોગ વડે પગલે પગલે શુદ્ધતા વધતી જાય છે ને નિર્વિઘ્ન જ્ઞાનદર્શનશક્તિ ખીલી જાય છે એટલે કે આત્મા સર્વજ્ઞપણે પ્રસિદ્ધ થાય છે.

આવી સર્વજ્ઞતા શુદ્ધોપયોગના પ્રસાદથી પ્રાપ્ત થાય છે. અહો, સર્વજ્ઞતાના અચિંત્ય સામર્થ્યની શી વાત! અનંત અલોકાકાશ વગેરેને સાક્ષાત્ જાણી લ્યે છે. અનંતને અનંત તરીકે જાણીને તેનો પાર પામી જાય છે–એ જ્ઞાનની મહાન અનંત શક્તિ છે. આવી અચિંત્ય સર્વજ્ઞશક્તિ અને અપૂર્વ અતીન્દ્રિય પરમ આનંદ શુદ્ધોપયોગ વડે પ્રગટે છે; બીજું કોઈ સાધન નથી.

શુદ્ધોપયોગ વડે જે શુદ્ધાત્મપ્રાપ્તિ થાય છે તે અન્ય કારકોથી નિરપેક્ષ છે, આત્માને જ આધીન છે, જરાપણ પરાવલંબન તેમાં નથી. આ રીતે પોતે પોતાના જ આશ્રયે સર્વજ્ઞપણે પ્રસિદ્ધ થયેલો આત્મા ‘સ્વયંભૂ’ છે.

અહો, સર્વજ્ઞતા એટલે જ્ઞાનના અચિંત્ય સામર્થ્યની પરાકાષ્ટા! એમાં જરાય પરાવલંબન નથી, એમાં વિકાર નથી, એમાં અપૂર્ણતા નથી. આવા જ્ઞાનસામર્થ્યનો આદર, સત્કાર, પ્રશંસા અને ઓળખાણ કરતાં પોતાના સર્વજ્ઞસ્વભાવનો નિર્ણય થાય છે એટલે દર્શનમોહનો નાશ થઈને સમ્યગ્દર્શન થાય છે. ભગવાન કહે છે કે **અમને જે જાણશે તેને ક્ષાયિક સમકિત થાશે.** સર્વજ્ઞતાનો નિર્ણય

સર્વજ્ઞસ્વભાવના આશ્રયે થાય છે. અલ્પજ્ઞ એવી મતિશ્રુતપર્યાયમાં પણ અંતર્મુખ વલણ વડે સર્વજ્ઞ સ્વભાવનો નિર્ણય થાય છે.

સર્વજ્ઞસ્વભાવને સાધતા સાધતા સ્વાશ્રયયની ભૂમિકા સહિત વચ્ચે વિકલ્પથી જે કર્મ બંધાયા ( તીર્થંકરપ્રકૃતિ બંધાણી ) તે પ્રકૃતિનો ઉદય કેવળજ્ઞાન થયા પછી આવ્યો અને તેના નિમિત્તે જે વાણી છૂટી તે વાણીમાં પણ સ્વાશ્રયનો જ ઉપદેશ આવ્યો છે. સ્વાશ્રયભાવવડે જ ભગવાનની વાણીનો નિર્ણય થઈ શકે છે. સર્વજ્ઞનો નિર્ણય સર્વજ્ઞના આશ્રયથી થતો નથી પણ સ્વસન્મુખ થઈને સ્વભાવના આશ્રયે જ તેનો નિર્ણય થાય છે.

અહો, આવી સ્વાશ્રયવિધિ વડે જ અર્હંતોએ મોહનો ક્ષય કર્યો ને એવો જ સ્વાશ્રયમાર્ગ ઉપદેશીને તે અર્હંતો મોક્ષ પધાર્યા... અહો, તેમને નમસ્કાર હો! તેમણે દર્શાવેલા સ્વાશ્રયમાર્ગને નમસ્કાર હો.

જુઓ, આ અરિહંતોનો માર્ગ! અરિહંતોનો માર્ગ પરાશ્રયવાળો નથી... એ તો સ્વાશ્રિતમાર્ગ છે, વીરનો માર્ગ છે, જગતથી અત્યંત નિરપેક્ષ માર્ગ છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પણ આ જ માર્ગથી થાય છે, ને પછી વીતરાગતા તથા કેવળજ્ઞાન પણ આ જ માર્ગથી થાય છે. એમાં વચ્ચે ક્યાંય પરનો આશ્રય નથી, વચ્ચે ક્યાંય રાગનું અવલંબન નથી, વચ્ચે ક્યાંય બીજા સાધનની અપેક્ષા નથી. અહો, આવો પરમ નિરપેક્ષ વીતરાગમાર્ગ અત્યંત આત્માધીન છે. સ્વાધીન એવો શુદ્ધોપયોગ તે જ તેનું સાધન છે.

અહીં ઉત્કૃષ્ટ વાત છે એટલે કેવળજ્ઞાનની પ્રાપ્તિ અન્ય દ્રવ્યોથી અત્યંત નિરપેક્ષ અને અત્યંત આત્માધીન છે એમ કહ્યું; કેવળજ્ઞાનની જેમ સમ્યગ્દર્શનથી માંડીને મોક્ષમાર્ગની બધીયે નિર્મળ પર્યાયો અત્યંત આત્માધીન છે, અને અન્ય સાધનોથી અત્યંત નિરપેક્ષ છે; એમ બધી પર્યાયોમાં સમજવું. સમ્યગ્દર્શનમાં પરનું અવલંબન જરા પણ છે? ... તો કહે છે કે ના; તે અત્યંત સ્વાલંબી છે, જરા પણ પરાવલંબન તેમાં નથી. અહો, સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન સુધીની મારી કોઈ પણ પર્યાયમાં પરનું જરાય અવલંબન નથી, મારા આત્મસ્વભાવના અવલંબને જ સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન પર્યાયો પ્રગટે છે. બસ, મારે મારામાં જ જોવાનું રહ્યું... મારામાં જ ઠરવાનું રહ્યું. સ્વાશ્રયે સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાનરૂપ પરિણમવું તે મારા જ અધિકારની વાત છે, તેમાં બીજાનો અધિકાર નથી, પરાધીનતા નથી.

શુદ્ધઉપયોગની ભાવનાના પ્રભાવથી સમસ્ત ઘાતિકર્મોનો નાશ કરીને જેણે શુદ્ધઅનંતશક્તિવાળો ચૈતન્યસ્વભાવ પ્રાપ્ત કર્યો છે એવો આ આત્મા સ્વયમેવ પોતાના જ્ઞાયકસ્વભાવના સામર્થ્યથી જ છકારકરૂપ થઈને સર્વજ્ઞ થયો છે, તેથી તે 'સ્વયંભૂ' છે બધાય અત્મામાં સ્વયમેવ છકારકરૂપ થવાની તાકાત

છે, બીજાની સાથે આત્માને કારકપણાનો સંબંધ નથી. અહો, આવો નિજસ્વભાવ છે, તેને ભૂલીને બાહ્ય સામગ્રી શોધવાની વ્યગ્રતાથી અજ્ઞાની જીવો નકામા પરતંત્ર આકુળવ્યાકૂળ થાય છે.

અહીં, આચાર્યદેવ આત્માનું 'સ્વયંભૂ' પણું બતાવીને ચૈતન્યસ્વભાવનું જ અવલંબન કરાવે છે. ભાઈ, સર્વજ્ઞતારૂપે બીજા કોઈની મદદ વિના પરિણમે એવી આત્માની તાકાત છે, સર્વજ્ઞતાનો સ્વભાવ જેમાં ભર્યો હોય તે જ સર્વજ્ઞતાનો કર્તા થાય. રાગાદિમાં સર્વજ્ઞસ્વભાવ નથી કે તે સર્વજ્ઞતાનું સાધન થાય. સર્વજ્ઞતાના કર્તા થવાનું કે સર્વજ્ઞતાનું સાધન થવાનું સામાર્થ્ય સર્વજ્ઞસ્વભાવી આત્મામાં છે; તેથી પોતાના સ્વતંત્ર સામર્થ્યથી શુદ્ધોપયોગ પ્રગટ કરીને પોતે જ સર્વજ્ઞતાનો કર્તા થાય છે. ઉગ્ર શુદ્ધોપયોગરૂપે પરિણમવું તેનું નામ શુદ્ધોપયોગની ભાવના છે, તે ભાવનામાં વિકલ્પ નથી. આવા શુદ્ધોપયોગરૂપે પરિણમતાં આત્મા નિજસ્વભાવસામર્થ્ય પ્રગટ કરીને સર્વજ્ઞ થાય છે. તેમાં પોતે જ સ્વતંત્ર કર્તા છે. અને પોતે જ તે-રૂપે પરિણમીને પોતાનું પ્રાપ્ય થાય છે, એટલે પોતે જ પોતાનું કર્મ છે. વળી તેનું સાધન પોતે જ છે. પોતે જ સ્વયમેવ જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે ઉત્કૃષ્ટ સાધન છે; બીજું કોઈ જુદું સાધન છે જ નહિ. તે કાળે જ્ઞાનરૂપે પરિણમતું આત્મદ્રવ્ય પોતે જ સાધકતમ છે; બહારનું તો સાધન નથી, રાગ પણ સાધન નથી ને પૂર્વપર્યાય પણ ખરેખર સાધન નથી. તે કાળે તે ભાવમાં તન્મય પરિણમતું દ્રવ્ય જ સાધન છે. વળી તે નિર્મળપરિણતિ પોતાને જ દેવામાં આવતી હોવાથી આત્મા પોતે જ તેનું સંપ્રદાન છે, તે કાર્યમાં ધ્રુવપણે પોતે જ રહેતો હોવાથી આત્મા જ તેનું અપાદાન છે, ને તે પરિણતિનો આધાર પણ પોતે જ હોવાથી પોતે જ અધિકરણ છે. આ રીતે આત્મા સ્વયમેવ છકારકરૂપ થઈને પોતાની નિર્મળપરિણતિરૂપે પરિણમે છે, તેથી તે 'સ્વયંભૂ' છે.

અરે જીવ! તારા જ્ઞાન-આનંદરૂપે પરિણમે એવી તાકાત તારા આત્મામાં જ છે, તેનું અવલંબન લે. બીજે બહારમાં ન શોધ. આવા સ્વાવલંબી સ્વભાવમાં વળ્યા વગર સમ્યગ્દર્શન થાય નહિ, ને સ્વભાવ ખીલે નહિ. પરભાવમાં તો અનાદિનો પડયો જ છે, પણ સ્વભાવની ખીલવટ કેમ થાય? તે વાત કદી સમજ્યો નથી. આચાર્યદેવ સમજાવે છે કે અરે જીવ! મોક્ષમાર્ગ તો આત્માના અવલંબને છે, બહારના અવલંબને મોક્ષમાર્ગ નથી. સ્વસત્તાનું અવલંબન જ મોક્ષમાર્ગ છે, અર્થાત્ શુદ્ધાત્માનુભૂતિ તે મોક્ષમાર્ગ છે. જ્યાં શુદ્ધાત્માનુભૂતિ છે ત્યાં બારઅંગનું જ્ઞાન હો કે ન હો. એવો કોઈ નિયમ નથી કે બાર અંગનું જ્ઞાન હોવું જ જોઈએ. શુદ્ધાત્માની અનુભૂતિમાં બારે અંગનું રહસ્ય આવી ગયું. મધ્યબિંદુથી ચૈતન્યદરિયો ઉલ્લસ્યો ત્યાં પર્યાયમાં જ્ઞાન-આનંદની ભરતી આવી. અનુભૂતિ વગર એકલા શાસ્ત્રના જાણપણા વડે કે રાગની મંદતા વડે પર્યાયમાં અતીન્દ્રિય જ્ઞાન-આનંદની ભરતી આવતી નથી. જ્યાં શુદ્ધોપયોગથી આત્મસ્વભાવમાં એકાગ્ર થયો ત્યાં તે સ્વભાવ પોતે જ ઉલ્લસીને પર્યાયમાં પ્રગટે છે. માટે અંતર્મુખ થઈને પોતાના આવા સ્વભાવને પ્રતીતમાં લેવો-જ્ઞાનમાં લેવો-અનુભવમાં લેવો-તે મોક્ષાર્થીનું કર્તવ્ય છે.

## મંગલ જન્મોત્સવ અંક

અરે મોક્ષાર્થી જીવો! ચૈતન્યના અચિંત્ય સામર્થ્યને પ્રતીતમાં લ્યો. ભગવાન અર્હંતો નિજસ્વભાવના અવલંબને જ સ્વયમેવ સર્વજ્ઞ થયા છે, કિંચિત્ પણ પરાલંબન નથી; જેવા ભગવાન અર્હંતો તેવો જ દરેક આત્માનો સ્વભાવ; આવા સ્વભાવને જાણીને વ્યગ્રતા છોડો, બાહ્ય સામગ્રીની ઓશિયાળી બુદ્ધિ છોડો, ને પ્રમોદથી સ્વભાવને અવલંબો. યથાર્થ વસ્તુસ્થિતિમાં વ્યગ્રતા કે પરતંત્રતા હોતી નથી. વ્યગ્રતા ને પરતંત્રતા તો વિકૃતિમાં છે. માટે યથાર્થ વસ્તુસ્થિતિ સમજીને સ્વાલંબન કરો ને વ્યગ્રતા છોડો. આમ સંતોએ સ્વાલંબી માર્ગ ઉપદેશ્યો છે;

(શ્રી પ્રવચનસાર ગા. ૧૫–૧૬ના પ્રવચનમાંથી)

* * *

## એ... ક... જ... વા... ર

ચિદાનંદસ્વરૂપના અનુભવની રીત બતાવીને આચાર્યદેવ પ્રમોદથી કહે છે કે: અહો! આ અપૂર્વ વાત છે... અરે ભાઈ! એકવાર અમારી વાત સાંભળીને લક્ષમાં તો લે... આવો જ મારો સ્વભાવ છે–એમ લક્ષમાં લઈને એકવાર હોંસથી હા તો પાડ. એકવાર પણ આ સ્વભાવના દ્રઢ સંસ્કાર આત્મામાં પાડયા તો તારું અપૂર્વ કલ્યાણ થશે. બીજું અનંતવાર કર્યું હવે એકવાર આ તો કર. આ અપૂર્વ સમજણ કરવી તેમાં જીવનની સફળતા છે. અજ્ઞાનભાવે આત્મા નિજશક્તિને હારી ગયો છે, આ સમજવાથી આત્માની ફતેહ થાય છે એટલે તેની નિજશક્તિ ખીલી જાય છે ને તે સંસારથી છૂટીને સિદ્ધદશા પામે છે. આ રીતે ફત્તેપુરમાં આત્માની ફત્તેહ થાય એવી સરસ વાત આવી.

(–વૈશાખ સુદ બીજના પ્રવચનમાંથી.)

* * *

## આત્માની ફતેહ

વૈશાખ સુદ બીજે પૂ. ગુરુદેવે ફત્તેપુરના પ્રવચનમાં કહ્યું કે–જુઓ ભાઈ, જગતમાં બધું સુલભ છે પરંતુ ચૈતન્યતત્ત્વની વાર્તા અતિ દુર્લભ છે. અંતરમાં ચિદાનંદસ્વરૂપ આત્માનો અનુભવ કેમ થાય, તે જ કરવા જેવું છે... તેમાં જ આત્માની ફત્તેહ છે ને તેમાં જ જીવનની સફળતા છે. ભાઈ! એકવાર ચૈતન્યની વાત લક્ષમાં લઈને હોંસથી હા પાડ... તો તારી અપૂર્વ ફત્તેહ થાય... ને તને મોક્ષપદ મળે.

**મંગલ જન્મોત્સવ અંક**

## *આ... ત્મ... જ્ઞ... સં... ત*

( ગુરુદેવ પ્રત્યે ભાઈશ્રી ખીમચંદ જે. શેઠ પોતાની ખાસ શૈલિથી શ્રદ્ધાંજલિ અર્પે છે. )

**કોટી કોટી વંદન હો**
**તે પુણ્યપ્રભાવી આસન્ન-**
**ભવ્ય સદ્‌ગુરુદેવશ્રીના**
**આત્માને !**
**અને**
**તેમના ૭૪મા**
**જન્મજયંતિ મંગલદિને**
**ભાવના ભાવીએ છીએ**
**કે તેઓ ચિરાયુ હો**
**અને**
**જગતના સર્વ જીવોનુ**
**કલ્યાણ કરો !**



૧. ઉમરાળામાં પ્રગટયો ’ કારનો ઝીલનાર, તે ઝીલીને પ્રગટાવ્યો જેણે શુદ્ધાત્માનો સાર.

૨. પરિવર્તન કર્યું જેણે સુવર્ણપુરીમાં અને કરાવ્યું પરિવર્તન અનેક ભવ્ય જીવોનું.

૩. પરિવર્તનશીલ સંસારમાં જેણે વાસ્તવિકપણે સમજાવ્યું અપરિવર્તનશીલ આત્મતત્ત્વનું મહાત્મ્ય.

૪. સુવર્ણપુરુમાંથી જેણે આપ્યા સુવર્ણમય સંદેશા યર્થાથતાના, સ્વતંત્રતાના અને વીતરાગતાના.

૫. નીડરપણે સત્યમાર્ગનો પ્રકાશ કર્યો વીતરાગના એ વીર વારસે.

૬. કરવું છે કાંઈક અપૂર્વ એવું બાલ્યાવસ્થામાં જ વદનાર એ સંતે જગતમાં કરી છે અપૂર્વ ધર્મપ્રભાવના.

૭. વીતરાગી માર્ગનો ફરકાવ્યો છે વિજયધ્વજ જેમણે પોતાની દિવ્યશક્તિથી.

૮. જેમના અંતરમાંથી ઝરતાં શાંતિનાં અમૃતબિંદુઓ શમાવે છે સંસારના ત્રિવિધ તાપોને.

૯. આત્મબંદરના એ વહાણવટીએ બનાવ્યો પરમ પારિણામિકભાવને ધ્રુવ તારો અને

**મંગલ જન્મોત્સવ અંક**

આદર્યો પ્રવાસ મોક્ષપાટણ પહોંચવાનો.

૧૦. કરે છે તે વ્યવહારભાવોને સદાય ગૌણ અને આપે છે જ્ઞાયકભાવને સદાય મુખ્યતા.

૧૧. છે તે સદાય મુક્તિનો મહામુમુક્ષુ અને વિકારી ભાવોનો વિજેતા.

૧૨. પાવન યાત્રિક બન્યો છે તે અનેક તીર્થધામોનો અને સિદ્ધક્ષેત્રોનો.

૧૩. અનેક ભવ્યોના સંસારવિષ ઊતર્યાં છે જેમની પરમ અમૃતમય વાણીથી.

૧૪. વહેવડાવ્યા છે શ્રુતજ્ઞાનના ધોરિયા જેમણે અને તેથી શુદ્ધ બન્યાં છે તેમાં સ્નાન કરનાર ભાવિકોનાં હૃદયો.

૧૫. મંત્રમુગ્ધ બન્યા છે અનેક જીવો જેમની મધુરી શ્રુતજ્ઞાનની બંસરીના નાદે.

૧૬. અંતર ઉલ્લસિત થયાં છે અનેક મુમુક્ષુઓનાં જેમની અમોઘ આત્માનુભવપૂર્ણ કલ્યાણકારિણી વાણીના શ્રવણથી.

૧૭. સંસારસાગર પાર ઉતારનાર જે જ્ઞાની સુકાની છે

૧૮. અધ્યાત્મનિધાની ખુલ્લાં મૂક્યાં છે જે ચૈતન્યઋદ્ધિધારીએ.

૧૯. અધ્યાત્મશ્રુતસાગરમાંથી વીણીને જગત સમક્ષ પ્રગટ કર્યાં છે અનેક મહામૂલ્યવાન સિદ્ધાંત મૌક્તિકો.

૨૦. શુદ્ધાત્મદ્રવ્યના આલંબને જ સાધી શકાય છે આત્મકલ્યાણ એવું જેમણે અમંદપણે પ્રતિપાદન કરેલ છે.

૨૧. પરદ્રવ્ય–પરભાવની ઉપેક્ષા કરીને સ્વદ્રવ્ય–સ્વભાવની જ અપેક્ષા કરવાનું જેઓ નિરંતર ફરમાવે છે.

૨૨. સંસારના રંગરાગને હેય કરી જેઓ નીરાગી આત્માનંદનો આસ્વાદ કરી રહ્યા છે.

૨૩. અંતરંગ ચૈતન્યઅંગમાં અભંગ છલંગ મારવા જેઓ સતત પ્રયત્નશીલ રહે છે.

૨૪. સહજાનંદમય પરિણતિનો જેઓ તાદશ ચિતાર આપે છે.

૨૫. સ્થપાયાં છે અનેક ભવ્ય જિનમંદિરો જેમના પરમપુનિત પ્રતાપે.

૨૬. પાવન બન્યાં છે અનેક શહેરો જેમના પવિત્ર ચરણકમળથી.

૨૭. આધર્યાં અનેક જીવોએ બ્રહ્મચર્ય જે કુમાર બ્રહ્મચારીના સદુપદેશથી.

૨૮. સિદ્ધપદપ્રાપ્તિનો છે તે પાવન પથિક.

૨૯. છે તે જૈનન્દ્રતત્ત્વજ્ઞાનનો મહાન પ્રચારક.

૩૦. છે તે આદર્શ આત્મહિતસાધક.

૩૧. છે તે ચૈતન્યવૈભવધારી અને આત્મસમૃદ્ધિનો સ્વામી.

૩૨. વર્તે છે સુયોગ જેમને પુણ્ય અને પવિત્રતાનો.

**મંગલ જન્મોત્સવ અંક**

# ગુરુદેવના મંગળજન્મોત્સવ પ્રસંગે શેઠ શ્રી પ્રેમચંદભાઈએ

**પોતાની ભાવભીની ઉર્મિ વ્યક્ત કરી છે તે અહીં આપવામાં આવી છે.**

**અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર,**
**આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.**



આજે મહાન માંગળિક દિવસ છે, પરમકૃપાળુ ગુરુદેવશ્રીની જન્મજયંતિનો આજનો દિવસ અપૂર્વ આનંદ અને ઉલ્લાસનો છે. આપણા–સર્વે મુમુક્ષુ આત્માર્થી જીવોના ઉદ્ધારનો, એટલે કે ધાર્મિક જીવનના જન્મનો આજનો અવસર છે. જૈનધર્મને ભૂલીને અનાદિકાળથી સંસારમાં રખડતા જીવોને, જૈનધર્મના વાસ્તવિક સ્વરૂપનું ભાન કરાવનાર પરમપૂજ્ય ગુરુદેવશ્રીનો અનંત ઉપકાર છે. અજ્ઞાની જીવો જડની ક્રિયામાં અને પુણ્યમાં ધર્મમાની અને મનાવી રહ્યાં છે. ત્યારે ચિદાનંદમૂર્તિ આત્મા જડથી ને વિકારથી ભિન્ન છે–તેના સ્વાનુભવથી જ સમ્યક્‌ત્વ અને ધર્મ થાય છે, –એવી સમ્યગ્દર્શનની અપૂર્વ વાત ગુરુદેવ સંભળાવી–સમજાવીને આપણું અપૂર્વ કલ્યાણ કરી રહ્યા છે. વર્તમાન દુઃષમકાળમાં આવા અપૂર્વ જ્ઞાનીઓના સમાગમ વિના અને તેમના વચનામૃતોનું અપૂર્વ શ્રવણ મળ્યા વિના આપણું શું શાત ! તે કલ્પનામાં આવી શકતું નથી. તેઓએ આપણને ભયંકર ભાવમરણોથી ઉગારીને અપૂર્વ આત્મજીવન અર્પ્યું છે. જ્યારે તીર્થંકરો–કેવળીઓ કે ગણધરોનો આપણને વિરહ વર્તે છે એવા આ કાળે સાક્ષાત્ સ્વાનુભૂતિનો નિઃશંક માર્ગ પ્રકાશીને ગુરુદેવે તે વિરહ ભૂલાવી દીધો છે. તેમના ઉપકારનો બદલો કોઈ રીતે વળી શકે તેમ નથી. આવા ગુરુદેવનો સાથ આપણને સદાય રહ્યા કરે, આપણે મોક્ષ પામીએ ત્યાંસુધી તેઓ આપણું કાંડું છોડે નહિ ને નિરંતર તેમની મીઠી છાયામાં રહીને આપણું મંગલકાર્ય પૂરું કરીએ–એવી ભાવનાપૂર્વક અત્યંત ભક્તિથી તેઓશ્રીના ચરણોને અભિનંદું છું.


**–પ્રેમચંદ મગનલાલ શેઠ**

## મંગલ જન્મોત્સવ અંક

# દૂ ર થી........ અ ને........ ન જી ક થી........




વસ્તુને દૂરથી જોતાં તે નાની દેખાય છે ને નજીકથી જોતાં તે મોટી દેખાય છે. અહીં પર્વત ઉપર મોટા ભગવાન છે પણ દૂરથી તે નાના દેખાય છે; તેનું વાસ્તવિક રૂપ દેખાતું નથી..... પણ–




નજીક જઈને જોતાં પર્વત ઉપરના મોટા ભગવાન સ્પષ્ટ દેખાય છે ને તેમનું વાસ્તવિક રૂપ દેખતાં દર્શકને ઘણો મહિમા જાગે છે. તેમ

**મંગલ જન્મોત્સવ અંક**

## “ચૈતન્યપ્રભુને જોવા માટે રાગથી દૂર જા... ને સ્વભાવની સમીપ થા”




જો કે આ ચૈતન્યસ્વરૂપ આત્મા મોટો મહિમાવંત પરમેશ્વર છે, પણ અજ્ઞાની જીવ રાગની સમીપ અને ચૈતન્યસ્વભાવથી દૂર વર્તે છે, એટલે તેને રાગની જ મહત્તા–મોટાઈ ભાસે છે, પણ ચૈતન્યપ્રભુની મોટાઈ–મહત્તા તેને ભાસતી નથી; રાગની રુચિ આડે તે ચૈતન્યની પ્રભુતાને દેખતો નથી. પણ–




જ્ઞાની તો ભેદજ્ઞાનચક્ષુ વડે રાગથી જુદો પડી–વિભાવોથી દૂર જઈ, ચૈતન્યસ્વભાવની સમીપ જઈને આત્માને જુએ છે, એટલે ચૈતન્યની નીકટતાથી તેને આત્મા પરમ અચિંત્ય પ્રભુતા સહિત મોટો મહિમાવંત દેખાય છે. આ રીતે સ્વભાવની સમીપતા તે ચૈતન્યપ્રભુના દર્શનની રીત છે.

**મંગલ જન્મોત્સવ અંક**

## ગુ જ રા ત બો લે છે...



ફત્તેપુરમાં જન્મોત્સવ પ્રસંગે ગુજરાતની જનતા તરફથી ઘણો હર્ષ વ્યક્ત કરતાં ઉત્સાહી કાર્યકર ભાઈશ્રી બાબુભાઈએ ઉલ્લાસપૂર્વક કહ્યું હતું કે–

ધન્ય છે... ધન્ય છે... આજનો મંગલદિન! ધન્ય છે અમારા સૌભાગ્ય કે આજે અમારા આંગણે ગુરુદેવનો જન્મોત્સવ ઉજવાઈ રહ્યો છે. આજે અમારે રાંકને ત્યાં રત્ન સાંપડયું છે. તીર્થંકર ભગવાનની દિવ્યધ્વનિનો સન્દેશ દેનાર મહાપુરુષ આજે અમારા આંગણે પધાર્યા છે, તેથી જાણે કે ભગવાનનું સમવસરણ જ અમારે ત્યાં આવ્યું હોય– એવો અમને આનંદ થાય છે.

## આ વાત કોના અંતરમાં ઊતરે?

આત્માના અંતર્સ્વભાવમાં ઢળવાની આ વાત કોના અંતરમાં ઊતરે? – કે જેના અંતરમાં ધર્મની ખરી જિજ્ઞાસા જાગી હોય તે જિજ્ઞાસુ જીવ પોતાના હિતને માટે આ વાત અંતરમાં ઊતારીને જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરે છે. પર તરફનો ઉત્સાહ જેને ઓસરી ગયો છે, રાગ તરફનો ઉત્સાહ પણ ઓસરી ગયો છે, ને જ્ઞાનસ્વભાવ તરફના ઉત્સાહની જેને ભરતી આવે છે–એવા જીવના અંતરમાં આ વાત ઊતરી જાય છે– એટલે કે તેને શુદ્ધાત્માની અનુભૂતિ થાય છે.

(રાજકોટ–પ્રવચનમાંથી)

**મંગલ જન્મોત્સવ અંક**

# બા... લ... વિ... ભા... ગ

ધર્મપ્રેમી બાલબંધુઓ! ‘આત્મધર્મ’ દ્વારા આજે લગભગ એક વર્ષ બાદ ફરીને આપણે મળીએ છીએ... તમે તો કદાચ ‘આત્મધર્મ’ ને ભૂલી ગયા હશો પણ ‘આત્મધર્મ’ ના બાલવિભાગમાં તમને કેમ ભૂલાય? પહેલાંની જેવા જ ઉત્સાહથી તમે આત્મધર્મનો બાલવિભાગ વાંચજો. આજે તો વૈશાખ સુદ બીજની ખુશાલી છે. આ ખુશાલીમાં, જે કોઈ બાળકો આત્મધર્મ વાંચતા હશે તેઓ જો પોતાનું નામ–સરનામું મોકલશે તો તેમને એક પુસ્તિકા ભેટ મોકલવામાં આવશે. **“આત્મધર્મ કાર્યાલય” સોનગઢ** (સૌરાષ્ટ્ર) એ પ્રમાણે સરનામું કરવું.

## ... ચિદાનંદ વસ્તુને ભૂલમા...

ભૂલમા ભૂલમા ભૂલમા રે...
તારી ચિદાનંદ વસ્તુને ભૂલમા...
પરને પોતાની માનમા રે...
તારી ચિદાનંદ વસ્તુને ભૂલમા... (૧)
તારામાં શાંત થા... ધર્માત્મા જીવ થા!
સ્વરૂપ બહાર તું ભ્રમમા રે...
તારી ચિદાનંદ વસ્તુને ભૂલમા... ભૂલમા... (૨)
સમ્યગ્દ્રષ્ટિ થા... ભ્રમ મટાડી
આનંદ સ્વરૂપે લીન થા રે...
તારી ચિદાનંદ વસ્તુને ભૂલમા... ભૂલમા... (૩)
આનંદનો દરિયો... જ્ઞાનસ્વરૂપી
ઊછળે એમાં તું મગ્ન થા... રે...
તારી ચિદાનંદ વસ્તુને ભૂલમા... ભૂલમા... (૪)
આવી ગયો છે અવસર રૂડો...
શાંતસ્વરૂપે તું સ્થિર થા... રે...
તારી ચિદાનંદ વસ્તુને ભૂલમા... ભૂલમા... (૫)

(–પૂ. બેનશ્રીબેનલિખિત સમયસાર–પ્રવચનો ભાગ ૩ પૃ. ૧૭૫ ઉપરથી.)

## બાળકોનાં પરાક્રમ

બાળકો, આપણું શરીર ભલે નાનું હોય, પરંતુ આપણો આત્મા નાનો નથી. ધમામાં નાના બાળકો પણ કેવા મહાન પરાક્રમ કરી શકે છે. તે તમે જાણો છો? એક નાનકડો બાળક હતો... તેને આત્માનું જ્ઞાન હતું... આત્મજ્ઞાન ઉપરાંત તેનું શાસ્ત્રજ્ઞાન પણ ઘણું જ ઊંડું હતું. તે ધર્માત્મા હતો ને બાળપણથી જ તે બહુ વૈરાગી હતો. જ્યારે તે માત્ર ૧૧ વર્ષનો હતો ત્યારે તેણે જિનદીક્ષા લઈ લીધી; તે નાના બાળક મટીને મોટા મુનિરાજ થાય. જંગલમાં રહીને આત્મધ્યાનમાં તલ્લીન રહેવા લાગ્યા... અહા, ૧૧ વર્ષના મુનિ! એક હાથમાં કમંડળ ને મોરપીંછી સહિત વનજંગલમાં એ કેવા શોભતા હશે! એકવાર તો તેમણે સાક્ષાત્ પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો... ને સમયસાર જેવા મોટા મોટા શાસ્ત્રો બનાવીને જગત ઉપર મહાન ઉપકાર કર્યો. તેમની આત્મા બહુ જ પવિત્ર હતો... થોડા વખતમાં તેઓ ભગવાન થઈને મોક્ષ પામશે. બાળકો! આપણા સૌમાં પણ એમના જેવી જ તાકાત છે... એ તાકાતને ઓળખીએ તો આપણે પણ તેમના જેવા થઈએ. ઓળખો છો એ ૧૧ વર્ષના બાળકને?

**મંગલ જન્મોત્સવ અંક**

## અક્ષય ત્રીજનો ઇતિહાસ

વૈશાખ સુદ ત્રીજનો દિવસ છે... વૈશાખ સુદ બીજની રાતે શ્રેયાંસકુમારને સ્વપ્ન આવ્યું છે કે અહા! મારા આંગણે કલ્પવૃક્ષ આવ્યું છે! દેવો મારા આંગણે વાજાં વગાડે છે, પુષ્પવૃષ્ટિ થાય છે........ ઇત્યાદિ મહા મંગલ સ્વપ્નથી શ્રેયાંસકુમાર બહુ પ્રસન્ન થાય છે...

વૈશાખ માસ એટલે શેરડીની મોસમ! ... શેરડીના નિર્દોષ રસના ઘડા ભરી ભરીને પ્રજાજનો શ્રેયાંસકુમારને ત્યાં મુકી જાય છે...

ભોજન સમયે એક અબધૂત યોગી ચૈતન્યના પ્રતપનમાં મસ્ત ચાલ્યા આવે છે... એ છે ભગવાન આદિનાથ મુનિરાજ! તેમને જોતાં જ શ્રેયાંસકુમારને તેમની સાથેના ભવોભવના સંસ્કાર તાજા થાય છે, તેમની સાથે મુનિવરોને દીધેલા આહારદાનનું સ્મરણ થાય છે... ને પરમ ભક્તિપૂર્વક વર્ષ ઉપરાંતના ઉપવાસી યોગીરાજને પોતાના આંગણે વિધિપૂર્વક પડગાહન કરીને, નવધા ભક્તિથી શેરડીના રસનું આહારદાન કરે છે... ભરતક્ષેત્રમાં આ ચોવીસીમાં મુનિરાજને આહારદાન દેવાનો એ પ્રસંગ અસંખ્ય વર્ષોના અંતરે આ પહેલવહેલો બન્યો. ભરતચક્રવર્તી જેવોએ ભક્તિથી તેની અનુમોદના કરી... ને પછી શ્રેયાંસકુમાર દીક્ષિત થઈને ભગવાન આદિનાથના ગણધર બન્યા... ને છેવટે અક્ષયપદ પામ્યા.

**–આ છે અક્ષય ત્રીજનો ટૂંકો ઇતિહાસ.**

— o —

**પાંચ અક્ષરની નગરી...**

એક વખત એક ભાઈ અને બહેન તે નગરીમાં જઈ પહોંચ્યા. ભાઈએ નગરીના પહેલા ત્રણ અક્ષર લઈને બેનને આપ્યા... તેથી બહેન ખુશ થઈ. અને બહેને બાકીના બે અક્ષર બનાવીને ભાઈના મોઢામાં મૂકયા એટલે ભાઈ પણ ખુશ થયો.

પછી ભાઈ–બહેને જ્યારે જાણ્યું કે આ નગરીમાં તો એક ભગવાન જન્મ્યા છે, ત્યારે તેઓ ખુબ ખુશી થઈને તે ભગવાનની ભક્તિ કરવા લાગ્યા... તો એ નગરી કઈ હશે? (ન મળે તો, મહાવીર ભગવાનકી... જે બોલશો એટલે એ નગરી તમને ઝટ મળી જશે.)

ધારો કે જીવ ને અજીવ વચ્ચે ઝગડો થયો; જીવ કહે છે કે 'અસ્તિત્વગુણ મારો છે' ને અજીવ કહે છે કે 'મારો છે.' હવે તમને ન્યાયાધીશ નીમવામાં આવ્યા છે, તો તમે શું ચુકાદો આપશો?

# સિંહ સમ્યગ્દર્શન પામે છે

બાળકો, જેમ મનુષ્યના જીવો આત્માનું જ્ઞાન કરીને ધર્મની આરાધના કરી શકે છે તેમ સિંહ વગેરે પશુના જીવો પણ આત્માનું જ્ઞાન કરીને ધર્મની આરાધના કરી શકે છે. અહીં તમને એવા એક સિંહની નાની વાર્તા કહું:

એક હતો સિંહ... ભારે મોટો ને બહુ વિકરાળ! એના પંજામાંથી કોઈ શિકાર છટકી શકે નહિ. એકવાર તે હરણનો શિકાર કરતો હતો. એવામાં આકાશમાર્ગે બે મુનિઓ ત્યાંથી નીકળ્યા. તેમણે તે સિંહને જોયો, અને જાણ્યું કે આ સિંહનો જીવ દશમા ભવે તીર્થંકર થવાનો છે. એથી મુનિઓ તે સિંહને પ્રતિબોધવા માટે નીચે ઊતર્યા અને સિંહ સામે એક શિલા ઉપર ઊભા.

આકાશમાંથી ઊતરેલા મુનિઓને જોઈને સિંહને નવાઈ લાગી... ને આશ્ચર્યથી મુનિ સામે ટગર–ટગર જોઈ રહ્યો. તેનો ક્રોધ ટળી ગયો ને શાંતભાવ પ્રગટ થયા. મુનિરાજે તેને સંબોધીને કહ્યું; અરે જીવ! આ શું? દશમા ભવે તો તું ભરતક્ષેત્રનો ચોવીસમો તીર્થંકર થવાનો છે–એમ અમે ભગવાન પાસેથી સાંભળ્યું છે. –અને તારામાં આ ક્રૂરતા!! આ તને ન શોભે. આ ઘોર પાપને હવે તું છોડ, છોડ! ને આત્માની સામું જો! જ્ઞાનમૂર્તિ આત્માને આવા હિંસકભાવથી શાંતિ ન હોય. તું તારા જ્ઞાનભાવને સમજ રે સમજ! એ પ્રમાણે મુનિઓએ ધોધમાર ઉપદેશની અમૃતધારા વરસાવી.

મુનિઓનો ઉપદેશ સાંભળતાં જ તે સિંહને પોતાના પૂર્વભવનું જ્ઞાન થયું... વૈરાગ્ય થયો... પશ્ચાત્તાપને લીધે તેની આંખમાંથી આંસુની ધાર વહેવા લાગી... ને ચૈતન્યની શાંતિમાં ઊંડે ઊતરતાં ત્યાં ને ત્યાં તે સિંહનો જીવ સમ્યગ્દર્શન પામ્યો. વાહ... ધન્ય એના પુરુષાર્થને! પછી તો તે સિંહે ઘણા ઘણા ઉપકાર ભાવથી મુનિઓને વંદન કર્યું... ને ખોરાકનો ત્યાગ કરીને સમાધિ કરી. ત્યાંથી અનુક્રમે ઊંચા ઊંચા ભવો ધારણ કરીને દસમા ભવે તે જીવ સમ્યક્ત્વના પ્રભાવથી તીર્થંકર મહાવીર થયા. અનેક જીવોની હિંસા કરનારો સિંહ, આત્મજ્ઞાનના પ્રતાપે અનેક જીવોનો તારણહાર તીર્થંકર થયો. અચિંત્ય શક્તિવાળો આત્મા જાગે તો શું ન કરી શકે?

# ૧૦ પ્રશ્ન........ ૧૦ ઉત્તર

૧. પંડિત કોણ છે?

જેઓ ચૈતન્યવિદ્યામાં પ્રવીણ છે તેઓ જ ખરા પંડિત છે.

૨. મોક્ષનું કારણ શું છે?

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ભાવ તે મોક્ષનું કારણ છે.

૩. તે મોક્ષમાર્ગ કેવો છે?

સમ્યક્ત્વાદિરૂપ મોક્ષમાર્ગ છે તે જ્ઞાનમય છે.

૪. કર્મ કેવું છે?

શુભ કે અશુભ જે કોઈ કર્મ છે તે બધુંય મોક્ષમાર્ગથી વિપરીત છે.

૫. મોક્ષમાર્ગમાં શેનો વિષેધ છે?

સમસ્ત કર્મોનો એટલે કે સમસ્ત બંધભાવોનો મોક્ષમાર્ગમાં નિષેધ છે.

૬. શુભરાગના આશ્રયે મોક્ષમાર્ગ કેમ ન થાય?

શુભરાગ પોતે બંધસ્વરૂપ છે ને મોક્ષમાર્ગથી પ્રતિકૂળ છે, તો તે બંધભાવના આશ્રયે મોક્ષમાર્ગ કેમ હોય? શુભરાગના આશ્રયે લાભ માનીને જે અટકયો તેને તે રાગનો નિષેધ કરનાર તો કોઈ રહ્યું નહિ, રાગથી જુદું જ્ઞાન તો તેને રહ્યું નહિ, રાગમાં જ તન્મયતાથી તેને મિથ્યાત્વ થયું. અને મિથ્યાત્વ હોય ત્યાં મોક્ષમાર્ગ ક્યાંથી હોય? મિથ્યાત્વ તો મોક્ષમાર્ગનું ધાતક છે.

૭. મિથ્યાદ્રષ્ટિ જીવ કેવો છે?

મિથ્યાદ્રષ્ટિ જીવ ઊંધા અભિપ્રાયથી ચૈતન્યને હણી નાખનારો છે.

૮. સાચું જીવન કોણ જીવે છે?

સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્મા ચૈતન્યનો આશ્રયે જ્ઞાન–આનંદમય સાચું જીવન જીવે છે. જ્ઞાન તે આત્માનું જીવન છે. તે જ્ઞાનમય પરિણમનાર જ સાચું જીવન જીવે છે. અહો, આવું જીવન અનંત કાળમાં જીવ કદી જીવ્યો નથી. અજ્ઞાનથી ભાવમરણે મર્યો છે. ભેદજ્ઞાન કરે તો જ સાચું જીવન પ્રગટે.

૯. મોક્ષાર્થીએ એટલે કે ચૈતન્યની શીતળતાના અભિલાષીએ શું કરવા યોગ્ય છે?

મોક્ષાર્થીએ સઘળુંય કર્મ ત્યાગવા યોગ્ય છે, અને એક જ્ઞાનસ્વભાવનો જ આશ્રય કરીને, અંતરમાં ઊંડા ઊતરીને, જ્ઞાનમય ભાવે પરિણમવું યોગ્ય છે; તે જ્ઞાનમય પરિણમનમાં ચૈતન્યની પરમ શીતળતા અનુભવાય છે.

૧૦. એવા જ્ઞાનમય પરિણમનની શરૂઆત ક્યારે થાય?

ગૃહસ્થદશામાં રહેલા સમ્યગ્દ્રષ્ટિને પણ અંતર્મુખ પ્રયત્ન વડે ચૈતન્યના અવલંબને જ્ઞાનમય પરિણમન શરૂ થઈ ગયું છે. સમ્યગ્દર્શન તે પણ જ્ઞાનમય પરિણમન છે, તેમાં રાગનો કિંચિત્ આશ્રય નથી. આવું જ્ઞાનમય પરિણમન તે નિષ્કર્મ છે, અને તે જ મોક્ષનું સાધન છે.

# વિ... વિ... ધ... સ... મા... ચા... ર

## વાંકાનેરમાં વીર જન્મોત્સવ

પૂ. ગુરુદેવ ચત્ર સુદ આઠમે વાંકાનેર પધાર્યા અને ચત્ર સુદ ૧૩નો મંગલદિન વાંકાનેરમાં આનંદોલ્લાસપૂર્વક ઉજવાયો. સવારમાં જિનમંદિરમાં વીરપ્રભુના દર્શન કરીને પછી વાજતેગાજતે વધાઈ લઈને સૌ ભાઈબહેનો ગુરુદેવના દર્શન કરવા ટાઉનહોલમાં આવ્યા. ભક્તિ અને જયકારથી ટાઉનહોલ ગાજી ઊઠયો. ત્યારબાદ જિનમંદિરમાં સમૂહપૂજન થયું. વાંકાનેરમાં જિનેન્દ્રભગવંતોની પ્રતિષ્ઠાનો વાર્ષિકદિવસ પણ આજે જ હતો. ગુરુદેવના સુહસ્તે સ્વસ્તિક કરાવીને જિનમંદિર ઉપર ધ્વજારોહણ માનનીય પ્રમુખશ્રી નવનીતભાઈ ઝવેરીના હસ્તે થયું. તેમજ, આજના શુભદિને પૂ. બેનશ્રી ચંપાબેન તરફથી વાંકાનેર–જિનમંદિરને ભેટ મળેલું ચાંદીના પૂંઠાવાળું સમયસારશાસ્ત્ર પણ ગુરુદેવે સુહસ્તે સ્વસ્તિક કરીને જિનમંદિરમાં સ્થાપિત કર્યું. ત્યારબાદ જિનમંદિરની બાજુના પ્લોટમાં શ્રી જૈન સ્વાધ્યાયમંદિરનું શિલારોપણ ભાઈશ્રી ખીમચંદ જેઠાલાલ શેઠ અને તેમના ભાઈઓના હસ્તે થયું. આજના પવિત્ર દિવસે ગુરુદેવની મંગલછાયામાં સ્વાધ્યાયમંદિરનું શિલાન્યાસ થતાં ભાઈશ્રી છગનલાલભાઈ, વૃજલાલભાઈ, ગાંધી ભાઈઓ તેમજ વાંકાનેરના બધા ભાઈ–બહેનોને ઘણો આનંદોલ્લાસ હતો. પૂ. બેનશ્રીબેને તેમજ શ્રી નવનીતભાઈ ઝવેરી, ભગવાનદાસજી શેઠ (સાગરવાળા) વગેરેએ પણ શિલાન્યાસ વિધિમાં ભાગ લીધો હતો. શિલાન્યાસની ખુશાલીમાં શેઠશ્રી ખીમચંદભાઈ અને તેમના કુટુંબ તરફથી કુલ રૂા. ૮૪૦૪) જેટલી રકમ આપવામાં આવી હતી. આ ઉપરાંત નવનીતભાઈ ઝવેરીએ કુલ રૂા. ૩૦૦૦) જાહેર કર્યા હતા. વિકશી જેચંદ સંઘવી તરફથી તેમના મકાનના વાસ્તુ પ્રસંગે કુલ રૂા. ૨૦૦૦) તથા ભાઈશ્રી છગનલાલ ભાઈચંદ, હેમકુંવરબેન છગનલાલ, દૂધીબેન અમૃતલાલ, અને વૃજલાલભાઈ જેઠાલાલ શાહ એ દરેક તરથી રૂા. ૧૦૦૧) જાહેર થયા હતા. બીજી અનેક રકમો મળીને કુલ આવક લગભગ ૩૩૦૦૦ થઈ હતી. શિલાન્યાસ બાદ જિનેન્દ્રભગવાનની ભવ્ય રથયાત્રા નીકળી હતી. બપોરે પ્રવચન પછી વીરપ્રભુની ભાવભીની ભક્તિ થઈ હતી. આમ ચૈત્ર સુદ તેરસનો દિવસ વાંકાનેરમાં આનંદોલ્લાસપૂર્વક ઊજવાયો હતો.

ત્યારબાદ બીજે દિવસે પૂ. ગુરુદેવ જામનગર પધાર્યા હતા. ત્યાં પણ ઉત્સાહપૂર્વક સ્વાગત થયું હતું. ચૈત્ર વદ બીજના રોજ ગુરુદેવ ચેલા ગામે પધાર્યા હતા ને બપોરનું પ્રવચન પણ ત્યાં જ થયું હતું, તેમાં ચેલાના ભાઈઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. ત્યાંથી પૂ. ગુરુદેવ

## મંગલ જન્મોત્સવ અંક

જામનગર પધાર્યા હતા. જામનગરનું ભવ્ય જિનમંદિર દર્શનીય છે. ચૈત્ર વદ ત્રીજે ગુરુદેવે ગોંડલ તરફ પ્રસ્થાન કર્યું હતું. ગોંડલથી પૂ. ગુરુદેવ જેતપુર પધાર્યા ત્યારે ચાંદીમાં કોતરાયેલા પંચાસ્તિકાયની પ્રતિષ્ઠા તેઓશ્રીના સુહસ્તે જિનમંદિરમાં થઈ હતી. અને ચૈત્ર વદ પાંચમની સાંજે પૂ. ગુરુદેવ સિદ્ધિધામ ગીરનારતીર્થના દર્શને પધાર્યા હતા. ગીરનારની તળેટીમાં જઈ, થોડાક પગથિયાં ચડી ભક્તિપૂર્વક દર્શન–વંદન કર્યા હતા. અહીં નેમનાથપ્રભુનું વૈરાગ્યઝરતું જીવન નજરે તરવરતું હતું. ગુરુદેવ કહેઃ અહા! આ પર્વત ઉપર ચડયા ત્યારે તો નેમકુમારનો દેહ અનેક પ્રકારના અલંકારોથી શરગારેલો હશે... ને નીચે ઊતર્યા ત્યારે પરમ દિગંબર! એની પાસે ઇન્દ્રો અને બળદેવ વાસુદેવ અહીં સમવસરણમાં આવતા. –આમ ભાવપૂર્વક ગુરુદેવે નેમનાથપ્રભુનું સ્મરણ કર્યું હતું તથા ત્યાં ભક્તિ કરી હતી. ત્યાં લગભગ અડધી કલાક રોકાઈને પાછા જેતપુર પધાર્યા હતા. જેતપુર પછી પૂ. ગુરુદેવ વડીઆ પધાર્યા હતા. ત્યાં ચૈત્ર વદ સાતમે જિનમંદિરના નવા શિખર તથા કળશ–ધ્વજની પ્રતિષ્ઠા થઈ હતી. ગોંડલ, જેતપુર, જૂનાગઢ, વડીઆ અને વીંછીયા થઈને પૂ. ગુરુદેવ લાઠીશહેર પધાર્યા છે ને આપ આ સમાચાર વાંચી રહ્યા હશો ત્યારે લાઠીશહેરમાં ગુરુદેવનો મંગલજન્મોત્સવ આનંદોલ્લાસપૂર્વક ઊજવાતો હશે. એના સમાચાર આપ હવે પછીના ‘આત્મધર્મ’ માં વાંચશો.


**આપે વૈશાખ માસનો અંક મેળવ્યો ?**

આપને તે અંક જરૂર ગમશે. હજી પણ માત્ર એક રૂપીઓ ભરીને આપ વૈશાખ સહિત છ માસના અંકો મેળવી શકો છો. (વૈશાખના અંકો સિલિકમાં હશે ત્યાંસુધી મળશે.) લખો–

“આત્મધર્મ”. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ (સૌરાષ્ટ્ર)

**મંગલ જન્મોત્સવ અંક**

## “આત્મધર્મ” (માસિક) ની માલિકી અને તેને અંગેની અન્ય માહિતી

**ફોર્મ નં. ૪ (જુઓ રૂ A નં. ૮**

| | | |
|---|---|---|
| પ્રસિદ્ધસ્થાન | :– | શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ |
| પ્રકાશનની સામયિકતા | :– | માસિક |
| છાપનારનું નામ | :– | હરિલાલ દેવચંદ શેઠ |
| રાષ્ટ્રીયતા | :– | ભારતીય |
| સરનામું | :– | આનંદ પ્રિંન્ટીંગ પ્રેસ. સ્ટેશન પાસે ભાવનગર |
| પ્રકાશક | :– | શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ. સોનગઢ |
| રાષ્ટ્રીયતા | :– | ભારતીય |
| સરનામું | :– | સોનગઢ. |
| તંત્રીનું નામ | :– | જગજીવન બાઉચંદ દોશી |
| રાષ્ટ્રીયતા | :– | ભારતીય |
| સરનામું | :– | શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર સોનગઢ |
| માલિકનું નામ | :– | શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ (સૌરાષ્ટ્ર) |

હું શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, વતી જાહેર કરું છું કે ઉપર જણાવેલ હકીકત મારી સમજ અને માન્યતા મુજબ સાચી છે.

પ્રકાશકની સહી
જગજીવન બાઉચંદ દોશી
શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટવતી

## પૂ. ગુરુદેવનો પ્રવાસ કાર્યક્રમ નીચે મુજબ છે.

વૈશાખ સુદ બીજ (તા. ૨૫) લાઠીમાં જન્મોત્સવ.
વૈશાખ સુદ ૩ થી ૬ (તા. ૨૬ થી ૨૯) સુરેન્દ્રનગર (જિનમંદિરની વર્ષગાંઠ.)
વૈશાખ સુદ ૭ થી ૧૩ (તા. ૩૦ થી મે ૬) જોરાવરનગર (પંચકલ્યાણક પ્રતિષ્ઠા.)
વૈશાખ સુદ ૧૪ થી વદ ૧ (તા. ૭–૮–૯) વઢવાણ શહેર.
વૈશાખ વદ ૨–૩–૪ (તા. ૧૦–૧૧–૧૨) લીમડી.
વૈશાખ વદ ૫ થી ૮ (તા. ૧૩ થી ૧૬) દેહગામ (જિનબિંબવેદી–પ્રતિષ્ઠા.)
વૈશાખ વદ ૯ થી ૧૨ (તા. ૧૭ થી ૨૦) અમદાવાદ.
વૈશાખ વદ ૧૩ (તા. ૨૧) દાહોદ.
વૈશાખ વદ ૧૪ (તા. ૨૨) આસ્થા.
વૈશાખ વદ ૦)) થી જેઠ સુદ ૬ (તા. ૨૩ થી ૨૮) ભોપાલ (સ્વાધ્યાય મંદિર ઉદ્ઘાટન તથા ચૈત્યાલયમાં જિનબિંબવેદી–પ્રતિષ્ઠા.)
જેઠ સુદ ૭ થી ૧૦ (તા. ૨૯ થી જુખ ૧) ઇન્દોર.

**મંગલ જન્મોત્સવ અંક**

# ભોપાલમાં જૈનદર્શન શિક્ષિણ શિબિર

આ સાલ શ્રી જૈનદર્શન શિક્ષણવર્ગ શ્રી દિ. જૈન મુમુક્ષુમંડળ ભોપાલ તરફથી ભોપાલમાં ચલાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ શિક્ષણવર્ગ તા. ૧૧મે થી ૩૦મે સુધી ચાલશે. આ વર્ગ ચલાવવા માટે શ્રી ખેમચંદ જે. શેઠ, સોનગઢથી તથા શ્રી પં. ફુલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી, બનારસથી આવશે તો જે જિજ્ઞાસુ ભાઈઓ આ વર્ગનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓએ તા. ૫મે સુધીમાં જણાવી દેવા વિનંતી. રહેવા તથા જમવાની વ્યવસ્થા મુમુક્ષુમંડળ તરફથી થશે.

આ ઉપરાંત ભોપાલમાં નૂતન સ્વાધ્યાય મંદિરના ઉદ્ઘાટન તથા જિનમંદિરમાં જિનબિંબ વેદી પ્રતિષ્ઠા પ્રસંગે તા. ૨૩મે થી ૨૮મે સુધી આધ્યાત્મિક સંત પૂજ્ય શ્રી કાનજીસ્વામી પણ પધારવાના છે, તો તેમની અમૃતમય વાણીનો પણ અમૂલ્ય લાભ મળશે.

પત્રવ્યવહારનું સરનામું:–

**શ્રી સૂરજમલ જૈન,**

**ઠે. મોતીલાલ મિઠુલાલ જૈન**

હોઝીયરી મરચન્ટ, લોહા બજાર,

ભોપાલ (મ. પ્ર.)

# ‘આત્મધર્મ’ નો વિશેષાંક:

“આત્મધર્મ”નો આ જન્મોત્સવ–વિશેષાંક જિજ્ઞાસુ સાધર્મીઓ સમક્ષ સાદર રજુ કરીએ છીએ. આ અંકને ટાઈમસર તૈયાર કરવામાં તથા તેને શોભાવવામાં અનેક પ્રકારે જે જે ભાઈઓની મદદ મળી છે તે સર્વેનો હું આભાર માનું છું. માનનીય ભાઈશ્રી નવનીતલાલભાઈએ આ અંક તૈયાર કરવા માટે પ્રોત્સાહન આપ્યું છે, મારા સહયોગી બંધુ શ્રી મનસુખભાઈ દેસાઈએ બધા જ કાર્યોમાં સાથે રહીને મદદ કરી છે, મુંબઈના ફોટોગ્રાફર શ્રી પુનમ શેઠે તથા ભાવનગરના ચિત્રકાર શ્રી ગોહિલે રંગીન ચિત્રો અને બ્લોકસ વગેરે ઝડપથી તૈયાર કરાવવામાં મદદ કરી છે, તથા આનંદ પ્રેસના ભાઈશ્રી અનુભાઈ તથા હસુભાઈએ ચીવટપૂર્વક અંકનું સુશોભન કરી આપ્યું છે–તે બદલ તે સર્વેનો, તેમજ જે જે વડીલ બંધુઓએ ભાવભીની શ્રદ્ધાંજલિઓ લખીને આ અંકને શોભાવ્યો છે તે સર્વેનો, હું વાત્સલ્યભીનો હૃદયે આભાર માનું છું. ને ‘આત્મધર્મ’ ને પોતાનું જ સમજીને સૌ આવો સહકાર આપ્યા કરે–એવી પ્રાર્થના કરું છું. ગત વર્ષના ચૈત્રમાસથી જે જે લેખમાળાઓ અધૂરી છે તેના અનુસંધાનમાં આગળના લેખો હવે પછી આત્મધર્મમાં શરૂ થશે. અને ‘આત્મધર્મ’ ને વધુ સુંદર ને વધુ વ્યવસ્થિત કરવાનો પ્રયાસ થશે.

–બ્ર. હરિલાલ જૈન

# મંગલ જન્મોત્સવ અંક

જેમણે જ્ઞાનાનંદસ્વરૂપ એકત્વ-વિભક્ત ભગવાન આત્માની અનુભૂતિમૂલક ભેદજ્ઞાનના અમોઘ મંત્ર વડે અનેક મુમુક્ષુ જીવોનો ઉદ્ધાર કર્યો છે તે પરમ કૃપાળુ પરમ પૂજ્ય ગુરુદેવનો જન્મોત્સવ સમસ્ત ભક્તજનોને ખરેખર અતિ આનંદોલ્લાસનો પ્રસંગ છે. વિ. સં. ૧૯૪૬, વૈશાખ સુદ બિજ, રવિવારના મંગલ પ્રભાતે ઉદીયમાન અધ્યાત્મરવિ કહાનકુંવરને જન્મ આપી શ્રી ઉજમબા માતા, પિતાશ્રી મોતીચંદભાઈ અને ઉમરાળાભૂમિ ધન્ય બન્યાં; અને તેમની યશોગાથા જૈન-ઇતિહાસના સુવર્ણપૃષ્ઠમાં રત્નાક્ષરે આલેખાઈ ગઈ.

અહો! ગુરુદેવનો આપણા ઉપર મહાન ઉપકાર છે, તે ઉપકારો તથા ગુરુદેવની મહાનતાનું વર્ણન અકથ્ય છે. મિથ્યાત્વમૂલક ઘોર અજ્ઞાનના ભયંકર ખાડામાં અનાદિથી સબડતા હજારો જીવોને, સમ્યગ્દર્શનજનિત અનુભવજ્ઞાનના બળ વડે સ્વ-પરનું તેમ જ વિશ્વ-તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ સમજાવી, શાશ્વત પરમાનંદનના પંથે દોર્યા, મુક્તિપુરીના પંથનું મૂળ જે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શન, તેના કારણભૂત મૂળ તત્ત્વો-સતદેવ-ગુરુ-ધર્મ, દ્રવ્ય-ગુણ-પર્યાય, નવ તત્ત્વ, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હેય-જ્ઞેય-ઉપાદેયનો સમ્યક્ વિવેક, સર્વજ્ઞસ્વભાવ અને તદનુરૂપ સ્વતઃસિદ્ધ વસ્તુવ્યવસ્થા, વસ્તુસ્વાતંત્ર્ય, તથા તે બધામાં સારભૂત પોતાનો જ્ઞાયકભાવ અર્થાત્ પરમ પારિણામિકભાવરૂપ ભૂતાર્થ સ્વભાવ અને તેનો પરમ કલ્યાણકારી આશ્રય, વગેરે-સુપાત્ર જીવોને હૃદય-સોંસરા ઊતરી જાય એવી રીતે આગમ, યુક્તિ અને સ્વાનુભવપૂર્વક અત્યંત સરળ તેમજ સુબોધ શૈલીથી ગુરુદેવે સમજાવ્યાં છે. કૃપાળુ ગુરુદેવની વાણી તત્ત્વગંભીર હોવા છતાં એટલી તો સ્પષ્ટ, મધુર અને સુગ્રાહ્ય છે કે જેથી તત્ત્વોના હાર્દનું ભાવભાસન આસાનીથી થઈ જાય છે, અને ખપી શ્રોતાને, જાણી કે અનુભૂતિના દ્વાર સુધી દોરી જતી હોય તેવો આનંદ આવે છે. ગુરુદેવની વાણીમાં ભગવાન આત્મા અને તેની સાધનાનું મૂળ સમ્યગ્દર્શન હસ્તામલકવત્ સ્પષ્ટ ભાસે છે. આશ્રય કરવા યોગ્ય ભૂતાર્થ જ્ઞાયક સ્વભાવ, અને તેના આધેયભૂત-પરમ હિતકારી સમ્યગ્દર્શન તે તેમની વાણી-વીણાનો મુખ્ય સૂર છે.


એ રીતે અનાદિ ભવહેતુક અવિદ્યાનો ક્ષણમાત્રમાં અંત આણનાર પરમ કલ્યાણકારી સમ્યગ્દર્શનનો મહિમા તથા માર્ગ બતાવનાર પરમ તારણહાર કહાનગુરુદેવનો મંગલ જન્મોત્સવ કઈ વિધ ઊજવીએ!! !

શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપીયો, વરતું ચરણાધીન.

હે ગુરુદેવ! આપના અગાધ મહિમાનું હૃદયથી બહુમાન કરી, આજના મંગળ દિને શ્રદ્ધા-સુમનોથી આપને વધાવીએ છીએ, અને અમને આપનાં ચરણોમાં રાખી મુક્તિપુરીમાં સાથે લઈ જાવ એવી અંતરથી પ્રાર્થના કરીએ છીએ...

**મંગલ જન્મોત્સવ અંક**


## નિજ સ્વરૂપનું ધ્યાન ધરીને સાધ્યું કેવળજ્ઞાન.



જગતથી અત્યંત વિરક્ત ને ચિદાનંદસ્વરૂપમાં અતિશય અનુરક્ત એવા આ ભગવાન બાહુબલીની અચિંત્ય પ્રભાવશાળી પ્રશાંતમુદ્રા જગતને આત્મસાધનાની મહાન પ્રેરણા આપી રહી છે. ચક્રવર્તી સામે વિજેતા થવા છતાં એ વૈભવને ત્યાગીને ચૈતન્યપદથી અડોલ સાધના વડે જગતને બતાવ્યું કે ચૈતન્યના વૈભાવ પાસે ચક્રવર્તીના વૈભવની કિંચિત્માત્ર મહત્તા નથી નિજાનંદમાં લીન એમની મુદ્રા ચૈતન્યસાધનાનો માર્ગ પ્રકાશી રહી છે.

**મંગલ જન્મોત્સવ અંક**

## સાધકે મીટ માંડી છે... પોતાના સાધ્ય ઉપર.



દક્ષિણ દેશની યાત્રા કરીને સોનગઢ આવ્યા પછી પહેલે જ દિવસે (પો. સુ. તેરસ) ગુરુદેવે કહ્યું કે યાત્રામાં ઘણા તીર્થો જોયા; તેમાં ય આ બાહુબલી ભગવાનની મુદ્રા તો જાણે વર્તમાન જીવંતમૂર્તિ હોય! એવી છે. એના સર્વ અંગોપાંગમાં પુણ્ય અને પવિત્રતા બંને દેખાઈ આવે છે. અહા! જાણે વીતરાગી ચૈતન્યરસનું ઢીમ! પવિત્રતાનો પિંડલો થઈને અક્રિય જ્ઞાનાનંદનું ધ્યાન કરી રહ્યા છે. એને જોતાં તૃપ્તિ થતી નથી. અત્યારે આ દુનિયામાં એનો જોટો નથી.

# મંગલ જન્મોત્સવ અંક




પૂર્વજ્ઞ છે ગણધરો પ્રભુપાદપદ્મે,
સર્વજ્ઞ કેવળી ઘણા પ્રભુના નિમિત્તે;
આત્મજ્ઞ સંતગણના હૃદયેશ સ્વામી,
સીમંધરા! નમું તને શીર નામી નામી.



(શ્રી જૈન સ્વા. મંદિર ટ્રસ્ટના માનનીય પ્રમુખશ્રી નવનીતલાલભાઈ સી. ઝવેરી (જે. પી.) તરફની આ જન્મોત્સવ અંક માટે મળેલ ભાવભીનો અભિનંદન સંદેશ અહીં રજુ કરવામાં આવ્યો છે. ચાલીસ ચાલીસ વર્ષના તૃષાતૂર એક તત્ત્વજિજ્ઞાસુ જીવના અંતરમાંથી ગુરુદેવ પ્રત્યે ઊઠતી આ લાગણી સૌને જરૂર પ્રમોદિત કરશે.)

પરમ પૂજ્ય ગુરુદેવના સંપર્કમાં આવ્યાને મને માત્ર ત્રણચાર વર્ષ થયા, છતાં અત્યાર સુધીની જિંદગીમાં જૈનધર્મનું સત્ય તત્ત્વજ્ઞાન–કે જેને જાણવા માટે લગભગ ચાલીસ વર્ષની તૃષા હતી, અને જે તૃષા અનેક પ્રયાસો છતાં છીપતી ન હતી તે આટલા ટૂંક સમયમાં પૂજ્ય ગુરુદેવની વીતરાગી રસઝરતી ને સ્વસન્મુખતા તરફ પ્રેરતી વાણીથી છીપી. આજે સ્વ અને પરના ભેદવિજ્ઞાન પર દૃષ્ટિ આગળ ને આગળ ધપે છે. જૈન ધર્મના આટલા ગૂઢ સિદ્ધાંતો–કે જે સિદ્ધાંતોનું આલેખન હજારો શાસ્ત્રોમાં થયું છે, અને જે સિદ્ધાંતો માટે એમ કહેવામાં આવે છે કે જ્યાં બીજા ધર્મના સિદ્ધાંતો પૂરા થાય છે ત્યાં જૈન ધર્મના સિદ્ધાંતોની શરૂઆત થાય છે–તેવા સિદ્ધાંતોને, અને ગહનમાં ગહન સિદ્ધાંતગ્રંથ પરમ પૂજ્ય કુંદકુંદાચાર્યરચિત શ્રી સમયસારજી–કે જેમાં "ભાવો બ્રહ્માંડના ભર્યા" છે તે ગ્રંથને, છેલ્લા ત્રણસો વર્ષ પછી આ કાળમાં સહેલામાં સહેલી શૈલી અને ભાષામાં વિશ્વસમક્ષ મૂકનાર કોઈ ઉચ્ચ વ્યકિત હોય તો તે પૂજ્ય ગુરુદેવ છે. તેઓશ્રીના ૭૪ મા મંગળ જન્મોત્સવ પ્રસંગે લાખલાખ ભાવભીના અભિનંદનપૂર્વક પ્રાર્થના કરું છું કે હે ગુરુદેવ! આપે દર્શાવેલા અંતરના સ્વસન્મુખમાર્ગમાં ગતિ કરવાની શક્તિ આપની છાયામાં શીઘ્ર પ્રાપ્ત થાઓ.



**મંગલ જન્મોત્સવ અંક**




"अनंतदु:खमय संसारकी स्थितिका अवलोकन कर आपने उच्चतम तत्त्वज्ञानका अध्ययन एवं मनन किया और उसकी महत्ता अन्य मुमुक्षुजनोंको अवगत कराकर उनका पथ–प्रदर्शन किया। इस विनाशकारी अणुयुगके भौतिक वातावरणके विरुद्ध आध्यात्मिकता का प्रसार कर आपने सहस्त्र दिग्भ्रान्त मानवोंका जीवन ही परिवर्तित कर दिया है। आपकी वीतरागप्रणीत निर्ग्रंथ मार्ग पर दृढ श्रद्धा, आत्मार्थिता, गुणगरिमा, निस्पृहता, कर्तव्यनिष्ठा और परोपकारपरायणताका मूर्तिमानरूप सोनगढ [ सौराष्ट्र ] है, जो आपहीके कारण आज तीर्थस्थान बन गया है।" ( **ઈન્દોરના અભિનંદનપત્રમાંથી** )

**"મરૂસ્થળના ઊંટ જેવી આપણી દશા છેઃ જેમ તે ઊંટને જ્યારે પાણી મળી જાય છે ત્યારે તે ખૂબ પી લે છે ને પોતાની કોથળી ભરી લે છે, પછી જ્યારે તૃષાતુર થાય ત્યારે તેનાથી તૃષા છીપાવે છે; તેમ મહારાજશ્રીએ અહીં પધારીને ચાર દિવસ સુધી જે ઉપદેશ દીધો તેમાં ઘણું જ અમૃત પીવડાવી દીધું છે અને આપણે પણ તે ખૂબ પીધું છે–હૃદયમાં ભરી લીધું છે; હવે આ જે ઉપદેશામૃત આપણે ભરી લીધું છે તે આપણી પાસે જ રહેશે ને સંસારમાં સુખ દુઃખ પ્રસંગે તે આપણને શાંતિ આપશે; આ પર્યાય રહે ત્યાં સુધી, ને નવીન પર્યાયમાં પણ આ ઉપદેશનું મનન કરવાથી ઘણો લાભ થશે."**

–રા. બ. ભૈયાસાહેબ રાજકુમારસિંહજી M. A. LL. B. ઈંદોર

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને

મુદ્રકઃ હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રીન્ટીંગ પ્રેસ–ભાવનગર.